Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 7, Issue:144 Dt.30-03-2022 (Wednesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

### નિર્ધારિત સમયે વિધાનસભા ચૂંટણી યોજાવાનો મુખ્યમંત્રીનો સંકેત



## નરેશ પટેલ ભાજપ સિવાય બીજે ક્યાંય નહીં જાયઃ મુખ્યમંત્રીની સૂચક ટકોર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો કે, લોકો માટે ખૂબ સારી કામગીરી કરી હોવાથી નવેમ્બર, ડિસેમ્બરમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપ માટે વિજય મેળવવાનું સરળ બનશે. કેમકે ભાજપની સરકારે રાત- દિવસ અને ૨૪ કલાક જનતાનાં કામ કર્યા છે. અન્ય લોકો તો ચૂંટણીઓ વખતે જ નજરે ચડે છે.

નિખાલસ ભાવે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, મારો અભિગમ ખૂબ જ વિધેયક હોય છે. હું કોઈને પરાજીત કરવા માંગતો નથી પણ મારો આશય મારા પક્ષ માટે ચૂંટણી જીતવાનો છે. સારું કામ કર્યું હોવાથી પ્રજાએ ભાજપને સતા પર બેસાડ્યો છે એટલે વધુ એક મુદ્દત માટે પ્રજાનો વિશ્વાસ પ્રાપ્ત કરવાનું આસાન રહેશે. મારો પક્ષ રાત- દિવસ લોકોનાં કામ કરે છે. બાકીનાં તો ચૂંટણીઓ સમયે જ નજરે પડતા હોય


**રાજ્યમાં આમ આદમી પાર્ટી વિપક્ષનું સ્થાન લઇ શકશે નહીં, મુખ્યમંત્રીનો મત**

છે. હું કોઈને હરાવવા માંગતો નથી. અમારો આશય વિજય મેળવવાનો છે. દરેક બેઠક જીતવાનો અમે પ્રયાસ કરશું.

ગુજરાતમાં હંમેશા ચૂંટણી જંગ બે મુખ્ય પક્ષો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રહ્યો છે. આ વખતે આમ આદમી પાર્ટી પંજાબનાં વિજયને કારણે ખૂબ જ જોરમાં છે અને મુખ્ય વિપક્ષી બળ તરીકે ગુજરાતમાં ઉપસવા માટે ખૂબ જ પ્રયત્નશીલ છે. જો કે મુખ્યમંત્રીએ આમ આદમી પાર્ટી ગુજરાતમાં કોઈ મોટી તાકાત બની રહ્યાનું સ્પષ્ટ નકારી કાઢ્યું હતું. ભુપેન્દ્ર પટેલે ટકોર કરી હતી કે, જો કોંગ્રેસ પાંચ- સાત બેઠકો આપને આપી દેવા માંગતી હોય તો એ માટે તેઓ સ્વતંત્ર છે. પ્રામાણિક રીતે કહું તો આપ ગુજરાતમાં મુખ્ય વિપક્ષ બને એવું મને લાગતું નથી.

પોતાની સરકારની કામગીરી વિશે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કતારમાં ઉભેલા છેલ્લા નાગરિક સુધી યોજનાઓનાં લાભ પહોંચે અને કોઈ બાકી રહી ન જાય એવી કાળજી સાથે મારા પક્ષે યોજનાઓ અમલમાં મૂકી છે. યોજનાઓનાં લાભ લાભાર્થીઓ સુધી પહોંચે છે કે નહીં તેની ચકાસણી કરવા સરકાર ડોર ટુ ડોર અભ્યાસની કવાયત પણ કરી રહી છે.

મફત વીજળી અને પાણી પૂરું પાડવાના આપ નાં ચૂંટણી વાયદાઓને વ્યર્થ ગણીને ફગાવી દેતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે બધું મફતમાં આપવું એ કોઈ સમસ્યાનો ઉકેલ નથી. હું પણ આવું કરી શકુ છું પણ તેનાથી રાજ્યની નાણાંકીય ખાધ પર પ્રતિકુળ અસર થઇ શકે છે. તે માટે રાજસ્થાનનો અભ્યાસ કરો. મફત સેવાઓ આપીને રાજસ્થાને નાણાંખાધને બેકાબુ બનાવી દીધી છે અને ૪.૫ ટકાની નિર્ધારિત મર્યાદાથી



પણ ઉપર ચાલી ગઈ છે.

મુખ્યમંત્રીએ આગામી ચૂંટણીઓમાં ભાજપ સામે કોઈ મોટો પડકાર હોવાનું નકારી કાઢ્યું હતું. નરેશ પટેલનાં રાજકારણ

(અનુ.પાના નં.૪ ઉપર)

## રાજકોટમાં સરકારી જમીન પચાવી પાડનાર ત્રણ સામે ફરિયાદ

રાજકોટ, તા.૩૦

શહેરની ભાગોળે ગ્રામ્ય વિસ્તારમાં સરકારી જમીન પચાવી પાડનાર ત્રણ શખ્સ સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે. રાજકોટ તાલુકાના મામલતદાર કે.એમ.કથીરિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, અનિલભાઇ વિઠ્ઠલભાઇ ખૂંટ નામની વ્યક્તિએ અમરગઢ ગામની સરકારી જમીનમાં હાજાપર ગામના વિજય જીવણ સોલંકી, કૈલાસ જીવણ સોલંકી, ઉમેશ જીવણ સોલંકીએ દબાણ કરી પચાવી પાડી હોવાની કલેક્ટર તંત્રમાં અરજી કરી હતી. જે અરજીને પગલે ગત ફેબ્રુઆરી મહિનામાં મળેલી બેઠકમાં તપાસના આદેશ કર્યા હતા.

તપાસ દરમિયાન ઉપરોક્ત ત્રણેય શખ્સના પિતા જીવણભાઇ ધરમશીભાઇ સોલંકીએ રૂ.૧૦૦ના નોટરાઇઝડ કરારથી સ્વ.કચરાભાઇ રાજાભાઇ સોલંકીના વારસો પાસેથી વેચાણથી રાખ્યું હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે આ જમીનની બાજુમાં આવેલ સરકારી ખરાબો પણ વેચાણ રાખેલ છે. જોકે, રેવન્યૂ રેકર્ડમાં આની નોંધ દાખલ થઇ નથી. અને ટાઇટલ ચોખ્ખું ન હોવાનું પણ જાણવા મળ્યું હતું.

આમ ઉપરોક્ત ત્રણેય શખ્સે વધારાની સરકારી ખરાબાની જમીન હોય અને ડીઇએલઆર દ્વારા થયેલી માપણીમાં ત્રણેય શખ્સના કબજાવાળી જમીનમાં સરકારી જમીન પર દબાણ કરી ગેરકાયદેસર કબજો કર્યો છે. તંત્રની તપાસના અંતે ત્રણેય શખ્સે સરકારી જમીન પચાવી પાડ્યાનું ખૂલતા તેમની સામે ગુનો નોંધાયો છે.

## આકાશમાંથી વરસતી આગ, ધરતી ધગધગીઃ આકરી લૂ

### સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ઉનાળાનું જોવા મળતું રૌદ્ર રૂપઃ સૌરાષ્ટ્ર– કચ્છ ઉપરાંત દેશના ૮ રાજ્યો માટે એલર્ટ જાહેર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

અમદાવાદ, તા.૩૦

સૌરાષ્ટ્ર- કચ્છ અને ગુજરાતમાં આકાશમાંથી જાણે આગ વરસતી હોય તેમ સતત વધતા જતા તાપમાનને કારણે ધરતી ધગધગી ઉઠી છે. ઉપરથી ગરમાગરમ લૂ ફૂંકાવાને કારણે જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે. સૌરાષ્ટ્ર કચ્છ ઉપરાંત દેશના ૮ રાજ્યોમાં આકરા હીટવેવની આગાહીને પગલે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આ વર્ષે માર્ચ મહિનો સૌથી વધુ ગરમીવાળો મહિનો પુરવાર થયો છે. મે મહિના જેવી ગરમી પડી રહી છે. આગામી ૪ થી ૫ દિવસ સુધી ગુજરાત, સૌરાષ્ટ્ર- કચ્છ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, જમ્મુ, ઓરિસ્સા અને ઝારખંડમાં કાળઝાળ ગરમીનું મોજું ફરી વળે તેવી હવામાન ખાતાએ આગાહી કરી છે. તાપમાનમાં

(અનુ.પાના નં.૪ ઉપર)









## અમદાવાદમાં બાપ બન્યો શૈતાનઃ પત્ની, બે માસુમ સંતાનો, સાસુની કરપીણ હત્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

અમદાવાદ, તા.૩૦

**ઘરકંકાસ અને આર્થિક સમસ્યાને કારણે હસતા– રમતા પરિવારનો માળો વિંખાઈ ગયોઃ હત્યારો પાશવીઢબે પોતાના જ પરિવારને મોતની સોડમાં સુવડાવી ફરાર**

અમદાવાદમાં ઘરકંકાસ અને આર્થિક સંકડામણમાં મામલે એક હસતા- રમતા પરિવારનો માળો વીંખાઈ ગયો હતો. શૈતાન બની ગયેલા સગા બાપે બે માસુમ સંતાનો, પત્ની અને સાસુની કરપીણ ઢબે હત્યા કરી નાખી હોવાનું જાહેર થતા સમગ્ર મહાનગરમાં અરેરાટી પ્રસરી વળી છે. ઓઢવનાં વિરાટનગર વિસ્તારમાં થોડા દિવસ પહેલા જ રહેવા આવેલા પરિવારનો કરૂણતમ અંજામ જોઇને સમગ્ર વિસ્તારમાં શોક અને સનસનાટીની લાગણી પ્રસરી વળી હતી. પોલીસે પરિવારનો બેરહેમીથી કાંટો કાઢીને ફરાર થઇ ગયેલા વિનોદ મરાઠી નામના ટેમ્પો ચાલકની જોરદાર શોધખોળ શરૂ કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમો એ હત્યારાને ઝડપી લેવા જોરદાર અને સઘન તપાસ શરૂ કરી છે.


પોલીસ પાસેથી મળેલી આ ભયાનક હત્યાકાંડની વિગતો અનુસાર આ મરાઠી પરિવાર ૧૫ દિવસ પહેલા જ નિકોલ વિસ્તારમાંથી ઓઢવનાં વિરાટનગરમાં રહેવા આવ્યો હતો. વિરાટનગર પાસેથી દિવ્યપ્રભા સોસાયટીમાં આ પરિવાર રહેતો હતો. મકાન નં.૩૦ માં આ પરિવાર રહેતો હતો.

પોલીસે જણાવ્યા મુજબ ૪ દિવસથી મકાનનો દરવાજો બંધ હતો. અચાનક અંદરથી ભારે દુર્ગંધ આવવા લાગતા સ્થાનિક લોકો એકઠા થઇ ગયા હતા અને પોલીસને જાણ કરી હતી. પોલીસની ટુકડીઓ ધસી આવી હતી અને દરવાજો તોડીને

(અનુ.પાના નં.૪ ઉપર)

### આજે પેટ્રોલમાં ૮૦ પૈસા પ્રતિલીટર તથા ડીઝલમાં ૭૦ પૈસાનો વધારો

## અનેક શહેરોમાં પેટ્રોલનો લીટરદીઠ ભાવ રૂ.૧૦૦ને પાર



**દેશનાં ખૂણે–ખૂણે ભાવવધારા સામે ભભૂકી ઉઠ્યો ભારે લોકરોષ અને આક્રોશ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

દેશમાં ઇંધણની ભાવસપાટી જાણે કે બ્રેક વગરની ગાડી બની ગઈ હોય તેમ એકધારા રોજેરોજ ભાવ વધી રહ્યા છે. પરિણામે લોકોનાં ખિસ્સા પર ભારે બોજ આવી પડ્યો છે જેના કારણે દેશના ખૂણે- ખૂણે ઇંધણનાં ભાવવધારા સામે પ્રચંડ લોકરોષ અને આક્રોશનો જ્વાળામુખી ભભૂકી ઉઠ્યો છે. છેલ્લા નવ દિવસમાં પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં ૮ વખત વધારો ઝીંકી દેવાયો છે.

ભાવસપાટીની એકધારી આગેકુચ આજે પણ જારી રહી હતી અને લોકોનાં માથા પર નવા વધારાનો બોજો ફટકારવામાં આવ્યો હતો. પેટ્રોલનાં ભાવમાં આજે પ્રતિલીટર ૮૦ પૈસા અને ડીઝલનાં ભાવમાં પ્રતિલીટર ૭૦ પૈસાનો વધારો લાગુ કરી દેવામાં આવ્યો છે. આ રીતે ઇંધણનાં ભાવોમાં રીતસર આગ લાગી છે. ગુજરાત તથા દેશના અનેક શહેરોમાં પેટ્રોલનાં ભાવ લીટરદીઠ રૂ.૧૦૦ થી પણ વધુ ઉંચે ચાલ્યા ગયા છે. ડીઝલનો ભાવ પણ લગોલગ જ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ફુગાવા અને તેલનાં ભાવની અસરથી ભારતનાં સામાન્ય જનને ભારે મોટી કિંમત ચૂકવવી પડી રહી છે. દેશમાં સૌથી વધુ મુંબઈમાં પેટ્રોલ અને ડીઝલ મોંઘા થયા છે.

રાજધાની નવી દિલ્હીમાં પેટ્રોલનો ભાવ પ્રતિલીટર રૂ.૧૦૧.૦૧ થયો છે. જ્યારે ડીઝલનો ભાવ ઉંચકાઈને લીટરદીઠ રૂ.૯૨.૨૭ થયો છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

## ૨૧ એપ્રિલે વડાપ્રધાન મોદી ગુજરાતમાં

### દાહોદ અને બનાસકાંઠામાં ખાસ કાર્યક્રમમાં હાજરીઃ વડાપ્રધાનનાં કાર્યક્રમની જાહેરાત કરતા પ્રદેશ પ્રમુખ પાટીલ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

અમદાવાદ, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૧ એપ્રિલનાં રોજ વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા હોવાનું ભાજપનાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે મીડિયા સમક્ષ જાહેર કર્યું હતું.

મધ્ય ગુજરાતનાં ભાજપ નેતાઓ સાથેની બેઠકમાં પાટીલે વડાપ્રધાનનો કાર્યક્રમ જાહેર કર્યો હતો અને જણાવ્યું હતું કે, વડાપ્રધાન દાહોદ અને બનાસકાંઠાથી ચૂંટણીનું રણશિંગુ ફૂંકશે. ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

વડાપ્રધાનનાં આગમન પહેલા ૧૦મી એપ્રિલે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ફરી ગુજરાત આવી રહ્યા છે. તેઓ દ્વારકાધીશ મંદિરે જઈ દર્શન કરશે અને પૂજા આરતીમાં ભાગ લેશે. દ્વારકામાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવનાર છે અને રાષ્ટ્રપતિનાં કાર્યક્રમની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

તા.૧૫મી એપ્રિલે કેન્દ્રનાં ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ફરી ગુજરાત આવશે. તેઓ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપનાર છે. આ રીતે એપ્રિલ મહિનામાં દિલ્હીથી દિગ્ગજોનાં ધાડા ગુજરાતની ધરતી પર ઉતરી રહ્યા છે.(૨.૧૨)

### કાર્યકરોને એક્ટીવ કરી દો, સમય ઓછો છેઃ પાટીલ

ગાંધીનગર ખાતે મધ્ય ગુજરાત ભાજપનાં હોદ્દેદારો અને નેતાઓ સાથે આજે યોજાયેલી ખાસ બેઠકમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે સૂચક વિધાનો કર્યા હતા. જેના પગલે જોરદાર રાજકીય અટકળો શરૂ થઇ ગઈ છે. પાટીલે જણાવ્યું હતું કે, કાર્યકરોને એક્ટીવ કરી દો, સમય ઓછો છે.(૨.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

## શ્રીનગરમાં સુરક્ષા દળોને મોટી સફળતાઃ ૨ આતંકવાદીઓ ઠાર



જમ્મુ, તા.૩૦

જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરના રૈનાવારી વિસ્તારમાં બુધવારે મોડી રાત્રે સુરક્ષા દળોએ એન્કાઉન્ટરમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા. જમ્મુ-કાશ્મીર પોલીસે કહ્યું કે આતંકવાદીઓ પાસેથી હથિયારો અને દારૂગોળો સહિતની વાંધાજનક સામગ્રી મળી આવી છે. બીજી બાજુ, આઈજીપી કાશ્મીર વિજય કુમારે જણાવ્યું કે શ્રીનગર એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા બંને લશ્કર-એ-તૈયબા/ ટીઆરએફના સ્થાનિક આતંકવાદીઓ હતા. એમ પણ કહ્યું કે બંને નાગરિકોની હત્યા સહિતની તાજેતરની ઘટનાઓમાં પણ સામેલ હતા.

સોમવારે જમ્મુ-કાશ્મીરના બડગામ જિલ્લામાંથી લશ્કર-એ- તૈયબાના બે આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. આતંકવાદીઓની બડગામના સુનેરગુંડ વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તેમની ઓળખ દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના રહેવાસી વસીમ અહેમદ ગનાઈ અને ઈકબાલ અશરફ શેખ તરીકે થઈ છે. તેમની પાસેથી એક ચાઈનીઝ પિસ્તોલ, બે પિસ્તોલ મેગેઝીન, ૧૨ પિસ્તોલ રાઉન્ડ અને ૩૨ એકે-૪૭ રાઉન્ડ સહિતની ગુનાહિત સામગ્રી મળી આવી છે.

**મોકાની ઓફીસ વેચવાની છે**

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવા:ડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરોઃ
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

### બે દિવસીય હડતાલનાં પગલે લોકોને પડેલી પારાવાર મુશ્કેલી

# બેંકો તથા પોસ્ટ ઓફિસમાં લાગી લાંબી કતારો





(તસવીરઃ દિલીપ ગોહેલ)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

કેન્દ્ર સરકારનાં કર્મચારીઓની પોતાના અંગત પ્રશ્નોને વાચા આપવા માટે કરવામાં આવેલી હડતાલનાં ભાગરૂપે બેંકો તથા પોસ્ટ ઓફીસમાં કર્મચારીઓએ બે દિવસીય પાડેલી હડતાલ પૂર્ણ થતાં બેંકો તથા પોસ્ટ ઓફીસમાં લોકોની લાંબી લાઈનો લાગેલી જોવા મળી હતી.

હડતાલનાં કારણે આર્થિક પ્રહારો ઠપ્પ થઇ ગયા હતા. ઘણી જગ્યાએ એટીએમમાં નાણાંની તંગી સર્જાય હતી અને લોકોને પારાવાર હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આજરોજ હડતાલ પૂર્ણ થતાં રાબેતા મુજબ ઓફિસોમાં ધમધમાટ શરૂ થઇ ગયો હતો. જેના પગલે લોકો પોતાના નાણાંકીય લેવડ- દેવડનાં વ્યવહારોની કામગીરી પૂર્ણ કરવા બેંકો સાથે પોસ્ટઓફિસો ખુલતાની સાથે જ પહોંચી ગયા હતા. આથી બેંકો તથા પોસ્ટ ઓફીસમાં લોકોની લાંબી- લાંબી કતારો જોવા મળી હતી. બે દિવસની હડતાલનાં ભાગરૂપે પ્રથમ દિવસે ઓછી અસર જોવા મળી હતી. પરંતુ બીજા દિવસે કરોડોનું ટ્રાન્ઝેક્શન અટકી ગયા હતા અને મોટા નાણાંકીય વ્યવહારો ખોરવાયા હતા. આથી લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. હાલ હડતાલ પૂર્ણ થતા ફરી તંત્ર રાબેતા મુજબ કાર્યરત થતાં લોકો પ્રથમ દિવસે જ બેંકો તથા પોસ્ટ ઓફીસમાં પહોંચી ગયા હતા.

## જમીન બારોબાર વેચાણ કરવાનું કૌભાંડ આચરનાર આરોપીનો જમીન અરજી રદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

બોગસ આધારકાર્ડ પાનકાર્ડ બનાવી જમીનનો દસ્તાવેજ કરવા જાહેર નોટીસ પ્રસિધ્ધ કરતા આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓને જેલ હવાલે કર્યા હતા જેલમાંથી આરોપીએ જામીન અરજી કરતા કોર્ટે આરોપીની જામીન અરજી રદ કરી છે.

આ કેસની વધુ વિગત એવી છે કે, તા.૧૦/૦૩/૨૨ ના કુવાડવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદી હેમેન્દ્રભાઈ કલ્યાણજીભાઈ કોટેચા રહે કિરણ સોસાયટી ગેલેક્સી સિનેમા પાછળ વાળાએ ફરિયાદ કરતા જણાવ્યું હતું કે રાણપુરા નવાગામ ખાતે જમીન તેમના પરિવારના નામે આપેલ છે તે જમીનના માલિકોના નામના બોગસ આધારકાર્ડ પાનકાર્ડ બનાવી સાટાખત બનાવી



એડવોકેટઃ મુકેશ પીપળીયા

જમીનનો દસ્તાવેજ કરવા જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી બારોબાર વેચાણ કરવાનું કૌભાંડ આરોપીઓએ આચર્યું હતું તેથી પોલીસે કુલ સાત આરોપીઓને ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા જેલમાંથી જામીન પર છુટવા આરોપી મામદ ઉમરભાઈ મજેઠી જામીન અરજી કરતા સરકાર તરફે રહેલ સરકારી વકીલે દલીલ કરી હતી કે આરોપીએ કોઈપણ કાયદાનો ડર વગર બોગસ ડોક્યુમેન્ટ ઉભા કરી જમીન બારોબાર વેચી દેવા પ્રયાસ કર્યો હતો જેને ધ્યાને લઇને કોર્ટે આરોપીની જામીન અરજી રદ કરી છે.

આ કામમાં સરકાર તરફથી સરકારી વકીલ મુકેશ પીપળીયા રોકાયા હતા.

## રાજકોટ ક્રાઈમ

### દારૂનો મોટા પ્રમાણમાં જથ્થો ઝડપી પાડયો

રાજકોટઃ ભકિતનગર પો. સ્ટે. ને મળેલ ખાનગી બાતમીના આધારે ગઇકાલે માર્ગ બાલાજી રેફ્રિજરેશન પાસેથી મહીન્દ્રા બોલેરો પીકઅપ જીજે૦૩બીવીપ૩૬૨ની અટકાયત કરતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની ઇંગ્લીશ દારૂની બોટલો કુલ રૂ.૪,૧૧,૦૦૦ અને મહિન્દ્રા બોલેરો કિંમત ૪,૦૦,૦૦૦ મળી કુલ ૮,૧૧,૦૦૦નો મુદ્દામાલ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

### ચોરાઉ બાઇક સાથે ૧ ઝડપાયો

રાજકોટઃ શહેર લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમ ગઇકાલે પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમીના આધારે હરીધવા મેઇન રોડ જ્ઞાનધારા સ્કુલ સામે રહેતો કરણ મહેશ મંદપરા (ઉ.૨૨)ને વીરાણી અઘાટ પ્રગતી સોસાયટી પાસેથી ચોરી થયેલ બાઇકની ફરિયાદ પરથી ઝડપી પાડી બાઇકની કિં.૨૫૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઇ તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### લાંબા સમયથી નાસ્તો ફરતો ઇસમ ઝડપી પાડતી એસઓજી

રાજકોટઃ એસઓજી દ્વારા સુરત શહેરના કામરેન પો. સ્ટે.ના જથ્થાબંધ ગાંજાના કેસમાં લાબાં સમયથી નાસ્તો ફરતો અને ગુનાહિત ઇતિહાસ ધરાવતો રૂપડિયાપરા મેલડીમાના મંદિર પાસે રહેતો લાલો સલિમ રાઠોડ (ઉ.૨૩)ને ગઇકાલે ડી.એચ.ના ગ્રાઉન્ડમાં જાફર ચા વાળા પાસે ચોક્કસ બાતમીના આધારે પકડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ડિ.જે. વગાડવા મુદ્દે પાવડાના ઘા માર્યા

રાજકોટઃ નવા થોરાળા કસ્તુરબા વાલ્મિકિવાસ શેરી નં.૨ રામાપીર મંદીરની બાજુમાં મકવાણા પાનની સામે રહેતા સુરેશ ભાળાજીભાઇ વાઘેલા (ઉ.૪૬) પર પાવડાથી હુમલો થયો. પ્રાપ્ત માહિતી અનુસાર અગાઉ સુરેશભાઇના દિકરા ધર્મેશનો જન્મદિવસ હોવાથી ડિ.જે. વગાડવાની ના પાડવાનો ખાર રાખી પ્રેમજી પરમાર તથા રવિએ ગઇકાલે નળીયાથી તેમજ પાવડાથી માથામાં અને પગમાં ઇજા પહોંચાડી હતી. આ અંગે થોરાળા પોલીસએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### કેરોસીન છાંટી આપઘાતનો પ્રયાસ

રાજકોટઃ કોઠારીયા સોલવન્ટ નારાયણનગર-૬માં રહેતા ધનશ્યામ ગોવિંદભાઇ રાઠોડ (ઉ.૩૦)એ આજે સવારે શરીરે કેરોસીન છાંટી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર બીમારીથી કંટાળી આ પગલુ ભર્યાનું સામે આવ્યું હતું.

### જુગાર રમતા ૬ ઝડપાયા

રાજકોટઃ મોરબી રોડ ગણેશ પાર્કમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે ખાનગી બાતમીને આધારે રેડ પાડી કિશોર સંખવરા(ઉ.વ.૫૦), વિપુલ પીપળીયા(ઉ.વ.૪૨), મનુ પીપળીયા(ઉ.વ.૫૮), વલ્લભ કેરાળીયા(ઉ.વ.૪૭), નારણ સંખાવરા(ઉ.વ.૫૦), મનુ ગોંડલીયા(ઉ.વ.૪૫) નામના ઈસમોને જુગાર રમતા ઝડપી પડી રોકડ રૂ.૩૪,૧૦૦ જપ્ત કરી ૬ ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ગાંજાની હેરાફેરી કરતા યુવકની ધરપકડ

રાજકોટઃ ગોવિંદ બાગથી કોઠારીયા ચોકડી તરફ ૮૦ ફૂટ રોડ પર માધવ તરફ ૮૦ ફૂટ રોડ પર માધવ હોલની સામે ગઈકાલે એસ.ઓ.જી.ના વહન ચેકિંગ દરમ્યાન ત્યાંથી વિવેકાનંદ નગર શક્તિ હોટલવાળી શેરીમાં રહેતો ધવલ ઉર્ફે ગોપાલ હર્ષદરાય જોષી(બ્રાહ્મણ)સ્કુટી લઈને નીકળતા તેની અટકાયત કરતા તેમાંથી ૩૪ ગ્રામ જેટલો ગાંજો મળી આવતા રૂ.૩૨૪૦ નો ગાંજો તથા સ્કુટી પેપ કિં.૨૦૦૦ ગણી કુલ રૂ.૫૨૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઇ ધોરણોસરની કાર્યવાહી કરી છે.

### અગાસી પરથી પડી જતા યુવકનું મોત

રાજકોટઃ સોમનાથ ઇન્ડસ્ટ્રીઝ એરિયા શેરી નં.૩ અંજલી પાન, માલધારી ફટક પાસે ગઈકાલે સવારના પરપ્રાન્તીય યુવક કુરાન દેવકરણ વર્મા(ઉ.વ.૨૫) અગાસી પરથી પડી જતા તાત્કાલિક ૧૦૮ ને બોલાવતા ૧૦૮ ના તબીબે તપાસીને મૃતક થયાનું જાહેર કર્યું હતું.

## બહુમાળીમાં સર્ટિફિકેટ માટે લોકોની કતારો : વચેટીયાઓ સક્રિય!





(તસવીરઃ પંકજ ડાભી)



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૩૦

બહુમાળી ભવનના નીચેના ફ્લોર ઉપર જન સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં અરજદારો દ્વારા ભરાયેલા ફોર્મ જમા કરવામાં આવી રહ્યા છે. તેમજ આ જ કેન્દ્ર ઉપરથી અરજદારોને ક્રિમિનલ સર્ટિફિકેટ સહિતના વિવિધ પ્રમાણપત્રો પણ આપવામાં આવતા હોવાથી અરજદારોની લાંબી લાઈન જોવા મળી રહી છે. છેલ્લા ઘણા દિવસથી આ લાઈનમાં વધારો થઈ રહ્યો છે. આજે બહુમાળી ભવન ખાતે નોન-ક્રીમિલેયર સર્ટિફિકેટ મેળવવા તેમજ આરટીઆઇ અંતર્ગત ફોર્મ ભરવા જરૂરી પ્રમાણપત્રો મેળવવા લોકોની લાઇનો લાગી હતી. અહીંયા એક દિવસમાં તેમનો વારો આવતો નથી. જેના કારણે અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાનું લોકો જણાવી રહ્યા છે.

તો બીજી તરફ બહુમાળી વિભાગમાં બેસતા અધિકારી અને કર્મચારી દ્વારા પણ જણાવામાં આવ્યું હતું કે સર્ટિફિકેટ કઢાવવા માટે લાંબી કતારો લાગે છે. પરંતુ જો હર એક વિભાગમાં એક અલગ ડેસ્ક અલગ કરવામાં આવે તો અરજદારોને પણ હાલાકી ન પડે અને વચેટીયાઓ પણ લાભ ન લઈ શકે. ત્યારે એવી બાબતો પણ સામે આવી છે કે વચેટીયાઓ દ્વારા ઓફર આપી અરજદારોને પાસેથી પૈસા પડાવવામાં આવે છે. બહુમાળી ભવન ખાતે આવેલી સમાજ કલ્યાણ ખાતાની કચેરીમાં સરકારના વિવિધ યોજનાઓના ફોર્મ મળી રહ્યા છે. આ ફોર્મ ભરવા માટે અરજદારો બહુમાળી ભવનના પટાંગણમાં ઉભા રહેતા એજન્ટો પાસે જતા હોય છે. ત્યારે અરજદારો અભણ અને અજાણ હોવાનો ફાયદો એજન્ટો ઉઠાવી રહ્યા છે અને એક ફોર્મ ભરવામાં રૂ.૪૦૦થી ૫૦૦નો તોડ કરી રહ્યા હોવાની ફરિયાદો અરજદારોમાંથી ઉઠી છે. મોટાભાગના અભણ અરજદારો ફોર્મ લેતા હોય છે આ ફોર્મ ભરવા માટે તેમની પાસે યોગ્ય માર્ગદર્શન નહીં હોવાને કારણે બહુમાળી ભવનમાં ઉભા રહેતા એજન્ટો પાસે તેઓ યોજનાઓના ફોર્મ ભરાવતા હોય છે. અભણ અને માર્ગદર્શન વિનાની પ્રજાને ફોર્મ ભરી અને તેની ફી વસુલતા હોય છે. આ ફી રૂ.૪૦૦થી ૫૦૦ ઉઘરાવતાં હોવાનું અરજદારોએ રાવ કરી છે. બહુમાળી ભવનમાં આવા અનેક એજન્ટો હોવાનું જાણવા મળી રહ્યું છે અને તેના દ્વારા અરજદારોને લૂંટતાં હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

બહુમાળી ભવનમાં અગાઉ પણ અરજદારોને લૂંટવામાં આવતા હોવાની ફરિયાદો ઉઠી હતી. પરંતુ, તંત્ર દ્વારા આ ફરિયાદોને નજર અંદાજ કરવામાં આવી હતી. જેના કારણે અન્ય નવા ફૂટી નિકળેલા એજન્ટોને પણ અરજદારોને લૂંટવાનો જાણે પરવાનો મળી ગયો હોય તેમ બહુમાળી ભવનમાં પોતાનો ધંધો વિકસાવી રહ્યા છે. જેના કારણે અરજદારોને ફરજીયાત આવા એજન્ટોનો સહારો લેવો પડી રહ્યો છે.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

### નવી દિલ્હીમાં કોંગ્રેસ નેતાઓની પત્રકાર પરિષદમાં ભાજપ સરકાર પર પ્રહારો, નર્મદાનું પાણી ખેડૂતો માટે હતું, હવે ઉદ્યોગોને મળે છેઃ રીવર લીંક પ્રોજેક્ટ કાયમ માટે રદ કરવાની શક્તિસિંહ ગોહિલની માંગણી, સરકારની નજર આદિવાસીઓની જમીન પર છે

## વીરપુરમાં દિલ્હી ટીમ દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ

### સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં ઘરે-ઘરે જઈને કરાયું નિરીક્ષણ



**(કિશન મોરબીયા દ્વારા)**

વીરપુર,તા.૩૦

યાત્રાધામ વીરપુરમાં સ્વચ્છ ભારત મિશનની દિલ્લીથી સર્વેક્ષણની એક ટીમે મુલાકાત કરી સ્વચ્છતાનું નિરક્ષણ કર્યું હતું. સમગ્ર ભારતભરમાં ચાલી રહેલા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છ ભારત મિશનનું સ્વચ્છ ગ્રામીણ સર્વેક્ષણના નિરક્ષણ માટે મિનિસ્ટ્રી ઓફ ઇન્ડિયા જનશક્તિ દિલ્લીની એક ટીમે યાત્રાધામ વીરપુરની મુલાકાત કરી હતી જેમાં સ્વચ્છ ભારત મિશનના સચિવ ડો.અનુપ ત્રિપાઠી સાથે તેમની ટીમે વીરપુર ગ્રામ્ય વિસ્તારોમાં ઘેર ઘેર જઈને સર્વે કરી સ્વચ્છતા અભિયાનનું ચેકીંગ હાથ ધર્યું હતું જેમને લઈને વીરપુર ગ્રામ પંચાયત દ્વારા કઈ રીતે વીરપુર ગામની સાફ સફાઈ કરવામાં આવી રહી છે તે બાબતે સર્વે કરીને નિરીક્ષણ કરવામાં આવ્યું હતું તેમજ સ્વચ્છતા અભિયાનનું માર્ગદર્શન પણ લોકોને આપ્યું હતું. વીરપુર ગ્રામ પંચાયતના સરપંચ રમેશભાઈ સરવૈયાએ વીરપુર ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન માટે જરૂરી સાધનોની રજૂઆતો કરાઈ હતી.

## વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ વિવિધ મોડેલને નિહાળતા વિજય રૂપાણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તપસ્વી ઈન્ટરનેશનલ સ્કુલનાં ઉદઘાટન પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

તેઓએ વિશેષમાં જણાવેલ કે રાજકોટ વિકાસવાદ તરફ સતત આગળ વધી રહ્યું છે એટલું જ નહીં સાથો સાથ શૈક્ષણિક ક્ષેત્રે પણ રાજકોટ હબ બની રહ્યું છે . રાજકોટમાં બાળકોનાં સર્વાંગી વિકાસની સાથે સાથે તેઓને યોગ્ય શિક્ષાની સાથે દીશા મળી રહે એ પણ શાળા સંચાલકોએ ધ્યાન કેન્દ્રીત કરવું જરૂરી છે.

આ તકે વિજયભાઈ રૂપાણીએ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ મોડલોને પણ નિહાળ્યા હતા. તપસ્વી ઈન્ટરનેશનલ સ્કુલનાં ઉદઘાટન પ્રસંગે બહોળી સંખ્યામાં વાલીઓ સાથે વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે તપસ્વી ઈન્ટરનેશનલ સ્કુલનાં મેનેજીંગ ટ્રસ્ટી અભિષભાઈ દેસાઈએ જણાવેલ કે છેલ્લા ૨૦૭ વર્ષની

### તપસ્વી ઈન્ટરનેશનલ સ્કુલનો નવા કેમ્પસનો શુભારંભ

જે તપસ્યા છે તે અંતે રંગ લાવી છે અને તપસ્વી ઈન્ટરનેશનલ સ્કુલનું ઉદઘાટન ગુજરાત રાજ્યનાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં હસ્તે કરવાનું છે જે નિર્ધાર કર્યો હતો તે પણ ફળીભૂત થયો છે .

કોરોનાનાં લીધે સ્કુલનું ઉદઘાટન વહેલા શક્ય ન હતું પરંતુ હવેથી શિક્ષણ કાર્ય રાબેતા મુજબ ચાલશે અને નવી પેઢીને તૈયાર કરાશે.

## રાજયકક્ષાની ઓપન કરાટે ચેમ્પિયનશિપમાં જામનગરની વેદીકા ત્રિવેદી બીજા ક્રમે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

જામનગર, તા.૩૦

તાજેતરમાં ગુજરાત રાજ્ય થર્ડ ઓપન કરાટે ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જામનગરની એરફોર્સ સ્કુલમાં ધો.૪માં અભ્યાસ કરતી વેદીકા જય ત્રિવેદીએ સેકન્ડ રેન્ક મેળવી બ્રોન્ઝ તથા સીલ્વર મેડલ મેળવ્યો છે. આ ચેમ્પિયનશીપમાં ૫૦૦ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, તે દોઢ વર્ષથી કરાટેની પ્રેકટીસ કરે છે. તેને આ ચેમ્પિયનશિપમાં સેકન્ડ રેન્ક મેળવી પરિવાર તથા શાળાનું ગૌરવ વધાર્યું છે. તેની આ સિદ્ધિ બદલ શાળાનો સમગ્ર સ્ટાફ તથા તેના દાદા દીપેન ત્રિવેદી, દાદી સરોજબેન ત્રિવેદી તેમજ પપ્પા જયભાઇ ત્રિવેદી અને મમ્મી રાધીકાબેને શુભેચ્છા પાઠવી છે.



## વિસાવદર તાલુકાના આંગણવાડી બેહેનોને તાલીમ



**(નટવરલાલ ભાતિયા દ્વારા)**

વિસાવદર, તા.૩૦

વિસાવદર પરમ પૂજ્ય મુક્તાનંદબાપુ પ્રેરિત આનંદધારા પ્રોજેક્ટ અંતર્ગત. જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાની ૪૫ આંગણવાડીના ૧૪૦ બહેનોને ભાવનગર સ્થિત શિશુવિહાર સંસ્થાના કાર્યકર પ્રીતિબહેન ભટ્ટ, અંકિતાબહેન ભટ્ટ દ્વારા બ્રહ્માનંદ વિદ્યાધામના પ્રાર્થના હોલમાં આંગણવાડી સંચાલન અને બાળ શિક્ષણ વિષયે એક દિવસીય તાલીમ આપવામાં આવી હતી.

અર્જુનસિંહ રાઠોડ(ડાયરેકટર), ડો.નલિનભાઈ પંડિત(નિયામક), કમલેશભાઈ ધાંધલ(પ્રોગ્રામ ઓફિસર), શારદા બહેન દેસાઇ, ડાયેટ લેકચરર ભરતભાઇ મેસિયા, સીડીપીઓ શ્રી કિર્તી બહેન ઠાકર, બ્રહ્માનંદ વિદ્યાધમના આચાર્ય ભાવિનભાઈ જોશીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ બાલવાડી તાલીમનું સંકલન શિશુવિહાર સંસ્થાના કોર્ડિનેટર હીનાબહેન ભટ્ટ દ્વારા થયું હતું.

## તંત્રી સ્થાનેથી...

### આજનાં બાળકો વધુ બુદ્ધિશાળી નહીં, વધુ સ્માર્ટ છે

નવી પેઢીનાં બાળકો વધુ બુદ્ધિશાળી છે ? ના. તેઓ વધુ સ્માર્ટ છે, વધુ બુદ્ધિશાળી નહીં. સ્માર્ટનેસ અને બુદ્ધિશાળીમાં ફરક છે. સ્માર્ટનેસ બિહેવરિયલ ચેન્જ છે. નવી પેઢીનાં બાળકોને જબરદસ્ત એક્સ્પોઝર મળે છે. તેઓ ટીવી જુએ છે. તેમને માટે ઇન્ટરનેટનો ખજાનો ઉપલબ્ધ છે. મોલ્સમાં જાય છે, મલ્ટીપ્લેક્સમાં જાય છે, માહિતીનો ઓવરડોઝ તેમને મળતો રહે છે. પણ કોઈ એમ કહે કે તેઓ વધુ બુદ્ધિશાળી, વધુ ડાહ્યાં, વધુ વ્યવહારુ, વધુ સમજદાર અને વધુ ઠરેલ બને છે તો તે વાતમાં દમ નથી. આજે બે વર્ષનું બાળક સતત ટીવી જોઈને ઘણું શીખી જાય છે. ન શીખવાનું પણ ઘણું શીખે છે. તેમનું શબ્દભંડોળ ટીવીથી ઊભું થાય છે અને તેમને બોલતાં સાંભળીને આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ. ઘરે જે કોઈ આવે તેની સામે બાળકને કહીએ છીએ, બેટા, પેલું ઓયે લક્કી, લક્કી ઓયેથ ગા જોઉં. બાળક તે ગાઈ નાખે છે. ડાન્સ પણ કરી બતાવે. વાલીઓ ખુશ થઈ જાય. જોયું, સ્વીટી કેટલી ઇન્ટેલિજન્ટ છે ? પણ આમાં બુદ્ધિ વચ્ચે નથી આવતી. નકલ કરતાં તો વાંદરા પણ શીખી જાય અને તેમના વોકલ કોર્ડ જો માણસ જેવાં હોત તો ગાતાં પણ શીખી જતા હોત. મૂળ તો અપત્યપ્રેમ અદ્ભુત ચીજ છે. પોતાનાં સંતાનો પ્રત્યે મા-બાપને આંધળો પ્રેમ હોય છે. એટલે જ બાળકની નાની બાબત પણ વાલીઓને મોટી લાગતી હોય છે. હકીકતમાં તો નવી પેઢી વધુ સંકુચિત બુદ્ધિની બની રહી છે. નવી પેઢીને ભાંડવાનો આ ઉપક્રમ નથી, પણ વિશ્વભરમાં જે સર્વેક્ષણો થયાં છે. તેનો નિચોડ છે. ભારતની સ્થિતિ હજી થોડી સારી છે, અમેરિકા અને યુરોપમાં તેનાં પરિણામો દેખાવા માંડ્યાં છે. સરેરાશ અમેરિકન કિશોરનું જનરલ નોલેજ એકદમ નબળું હોય છે. તેમને અમેરિકા સિવાયના વિશ્વની ખાસ ગતાગમ હોતી નથી. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખોએ અને પ્રધાનોએ પણ ભારતના વડાપ્રધાનના નામ અથવા હોદ્દામાં ગોટાળા કર્યાના દાખલા છે. અમેરિકાની સ્પેલિંગ બી સ્પર્ધામાં ભારતીય વિદ્યાર્થીઓ જ ટોપ પર આવતા હોય છે. આપણે આ સ્થિતિ જોઈને હરખાઈ જઈએ તે સ્વાભાવિક છે, પણ હકીકતમાં તેમાં હરખાવા જેવું કશું જ નથી. જે સ્થિતિ પશ્ચિમના દેશોમાં છે તે અહીં પણ થવાની જ છે. બેઝિક નોલેજ ઘટતું જવાનું છે. એક સાદું ઉદાહરણ લઈએ : જે પેઢી અત્યારે ૪૦-૫૦ વર્ષની છે તે જાતે રેડિયો રિપેર કરી લેતી હતી. ટ્યૂબલાઇટના ચોક બદલી લેતી હતી, મોપેડ કે સ્કૂટરના નાના-મોટા ફોલ્ટ જાતે જ રિપેર કરી લેતી હતી. તેમને રેડિયો કેમ ચાલે, ટ્યૂબલાઇટ કઈ રીતે કામ કરે, મોપેડના એન્જિનની કાર્યપ્રણાલી કેવી હોય તેની બેઝિક જાણકારી હતી. હવેની પેઢી આવું કરી શકતી નથી. બાઇકમાં પ્રોબ્લેમ છે ? દોડો સર્વિસ સેન્ટર તરફ. મોબાઇલ બગડ્યો છે ? ફેંકી દો, નવો લઈ લો. ટ્યૂબલાઇટ બંધ થઈ ગઈ છે ? બોલાવો ઇલેક્ટ્રિશિયનને. પાયાનું જ્ઞાન તેમને મળ્યું નથી અથવા, ટેકનોલોજી એટલી એડવાન્સ્ડ થઈ ગઈ છે કે તેઓ તેની સાથે કદમ મિલાવી શકતા નથી. તેમને યુઝ એન્ડ થ્રોની નીતિ ફાવી ગઈ છે.

# રાજકોટમાં બાઈક પાર્ક કરવા જેવી સામાન્ય બાબતે છરીના ઘા ઝીંકી યુવાનની હત્યા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૩૦

શહેરમાં નજીવી બાબતે હત્યાનો વધુ એક બનાવ બન્યો હતો, કોઠારિયા રોડ પર રણુજા મંદિર પાસે ફ્રૂટ લેવા ગયેલા યુવકને બાઇક દૂર પાર્ક કરવાનું કહી બે આરોપીએ છરીના બે ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો, પોલીસે એકને ઝડપી લીધો હતો જ્યારે નાસી છૂટેલા એકની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

કોઠારિયા રોડ પરની શ્રમજીવી સોસાયટીમાં રહેતો પરાક્રમસિંહ ઘનુભા પઢિયાર (ઉ.વ.૨૨) મંગળવારે રાત્રે ૮.૧૫ વાગ્યાના અરસામાં પોતાનું બાઇક લઇને રણુજા મંદિર નજીક લારીએ ફ્રૂટ લેવા ગયો હતો, લારી નજીક જઇ પરાક્રમસિંહે પોતાનું બાઇક પાર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે ત્યાં ઊભેલા બે શખ્સે તેને દૂર બાઇક પાર્ક કરવાનું કહ્યું હતું, જગ્યા હોવા છતાં બાઇક પાર્ક કરવાની શા માટે ના કહો છો તેમ યુવકે કહેતા બંને શખ્સ ઉશ્કેરાયા હતા અને ગાળો ભાંડવા લાગ્યા હતા.

નજીવી બાબતે શરૂ થયેલી બોલાચાલીમાં બંને શખ્સ ઉશ્કેરાયા હતા અને પરાક્રમસિંહ પર છરીથી હુમલો કરી દીધો હતો, અને યુવકને છરીના બે ઘા ઝીંકી દીધા હતા. સમીસાંજે સરાજાહેર યુવકને છરીના ઘા ઝીંકાતા લોકોના ટોળાં એકઠા થઇ ગયા હતા. હિચકારા હુમલાથી પરાક્રમસિંહ પઢિયાર લોહિયાળ હાલતમાં ઢળી પડ્યો હતો, અને લોકોએ તેને હોસ્પિટલમાં ખસેડ્યો હતો પરંતુ યુવકનું મોત નીપજ્યું હતું.

હત્યા કરી બંને શખ્સ નાસી ગયા હતા. બનાવના પગલે આજીડેમ પોલીસના પીઆઇ ચાવડા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. એક આરોપીને પકડીને તપાસ હાથ ધરી છે. બીજા

### ૨૨ વર્ષીય પરાક્રમસિંહ પઢીયારની હત્યા થતા પરિવારમાં શોક છવાયો : એક આરોપી પોલીસ સકંજામાં બીજો ફરાર

આરોપીની શોધખોળ ચાલુ છે. બન્ને આરોપી સગીર હોવાનું જાણવા મળે છે. એક આરોપી તો બોર્ડની પરીક્ષા આપી રહ્યાનું જાણવા મળ્યું છે. મૃતક બે ભાઈ એક બેનમાં નાનો છે. ફ્રૂટ લેવા ગયેલા યુવાન પુત્રની હત્યા થયાની જાણ થતાં પઢિયાર પરિવારે કરેલા આક્રંદથી ગમગીની છવાઇ ગઇ હતી.

### રાજકોટ શહેરમાં છેલ્લા બે દિવસમાં હત્યાના બે બનાવ

શહેરના હિંગળાજનગરમાં ગત તા.૨૭ની રાત્રે પ્રૌઢને તેના જ યુવાન પુત્રએ મોતને ઘાટ ઉતારી દીધા હતા. વજુભાઇ ચોટલિયા (ઉ.વ.૬૦)એ તેના પુત્ર રવિ પાસે પૈસા માગતાં રવિએ તમે પૈસા વાપરો છો, મારા લગ્નનું કંઇ કરતા નથી તેમ કહી પિતાને ઢીકાપાટુનો માર મારી તેમનું માથું દીવાલ સાથે અથડાવી મોતને ઘાટ ઉતારી દીધા હતા, આ ઘટના હજુ તાજી જ છે ત્યાં તા.૨૯ની રાત્રે રણુજા મંદિર પાસે બાઇક પાર્ક કરવાના મુદ્દે પરાક્રમસિંહ પઢિયાર નામના યુવકની છરીના બે ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી.

### રાજકોટ નાગરિક સહકારી બેંક સહિતના મંડળોના સંયુક્ત ઉપક્રમે

# ‘ધ કાશ્મીર ફાઈલ્સ’ ફિલ્મ-શો યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

**બેંકના ચેરમેન શૈલેષ ઠાકર, વાઇસ ચેરમેન, સહકારી અગ્રણી , બોર્ડના સદસ્યો સહિત ૭૨૪ નાગરિક પરિવારજનોએ ફિલ્મ નિહાળી**

રાજકોટ.તા.૩૦

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., જાગૃત કર્મચારી મંડળ અને રાજકોટ નાગરિક બેંક કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.ના સંયુક્ત ઉપક્રમે ‘ધ કાશ્મીર ફાઇલ્સ’ ફિલ્મ-શોનું સંચાલક મંડળના સદસ્યો, શાખા વિકાસ સમિતિના સદસ્યો તથા કર્મચારી પરિવારજનો માટે તા. ૨૭ને રવિવારે શહેરના નામાંકિત સિનેમા ‘કોસ્મોપ્લેક્સ’માં આયોજન કરવામાં આવેલ હતું. આ ફિલ્મ-શો દરમ્યાન તમામ માટે કોલ્ડડ્રીંક્સ અને સ્નેક્સની પણ વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

આ ફિલ્મ-શોમાં શૈલેષભાઇ ઠાકર, જીમ્મીભાઇ દક્ષીણી, નલિનભાઇ વસા, જયોતીન્દ્રભાઇ મહેતા, જીવણભાઇ પટેલ, હંસરાજભાઇ ગજેરા, ચંદ્રેશભાઇ ધોળકીયા, બાવનજીભાઇ મેતલિયા, વિનોદ કુમાર શર્મા, શાખા વિકાસ સમિતિના કન્વીનર, સહ-કન્વીનર, સદસ્યો, ઉચ્ચ અધિકારીગણ, જાગૃત કર્મચારી મંડળમાંથી વિપુલભાઇ દવે (પ્રમુખ), ભરતભાઇ કુંવરીયા (મંત્રી), દર્શનભાઇ જોષી (ખજાનચી), રાજકોટ નાગરિક બેંક કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.માંથી નલિનભાઇ જોષી (પ્રમુખ) સહિત ૭૨૪ નાગરિક પરિવારજનોએ ‘ધ કાશ્મીર ફાઇલ્સ’નો શો નિહાળ્યો હતો. અંતમાં વંદેમાતરમનું ગાન થયું હતું.આ ફિલ્મ નિહાળતી વખતે તમામ લોકોનો પોતાના આંસુ રોકી શકયા ન હતા.

ફિલ્મ-શોના આયોજનને સફળ બનાવવા માટે સ્ટાફ રિલેશન મેનેજર કિશોરભાઇ મુંગલપરાના માર્ગદર્શન હેઠળ રજનીકાંત રાયચુરા, વિપુલભાઇ દવે, નલિનભાઇ જોષી, ઉમેદભાઇ જાની, જયંતભાઇ રાવલ, પંકજભાઇ જાની, મનસુખભાઇ ગજેરા, ભરતભાઇ કુંવરીયા, દર્શનભાઇ જોષી, ભાવેશભાઇ રાજદેવ, જીજ્ઞેશભાઇ દવે, હિતેશભાઇ રાચ્છ, સચીનભાઇ ઘેલાણી, સાગરભાઇ શાહ વગેરેએ અથાગ જહેમત ઉઠાવી હતી.

# સરકારી નોકરી મેળવવાની ઉત્તમ તાલીમ આપતું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું સી.સી.ડી.સી. સેન્ટર : કુલપતિ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

**તલાટી કમ મંત્રી અને જુનિયર કલાર્કની તૈયારીઓ માટે નિઃશુલ્ક કાર્યશાળા યોજાઈ**

રાજકોટ.તા.૩૦

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેરીયર કાઉન્સેલિંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે તાલીમશાળાઓ અને રેગ્યુલર કોચીંગ મારફત સફળતા પૂર્વક કરાવવામાં આવે છે. અનેક પરીક્ષાઓમાં સી.સી.ડી.સી. ના છાત્રો એ રેકોર્ડબ્રેક પરિણામો થકી સી.સી.ડી.સી. ની કોચીંગ પધ્ધતિ શ્રેષ્ઠ છે એ પ્રસ્થાપિત કરેલ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સી.સી.ડી.સી. દ્વારા તલાટી કમ મંત્રી અને જુનિયર કલાર્કની તૈયારીઓ માટે નિઃશુલ્ક કાર્યશાળા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગીરીશભાઈ ભીમાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગીરીશભાઈ ભીમાણી તથા ડો. સંજીવભાઈ ઓઝાજીના વરદહસ્તે કાર્યશાળાની શરુઆત દીપપ્રાગટય કરી કરવામાં આવેલ હતી. સી.સી.ડી.સી. દ્વારા આયોજીત આ કાર્યશાળામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગીરીશભાઈ ભીમાણી ઉપસ્થિત છાત્રોને માર્ગદર્શીત કરતા જણાવ્યું હતું કે સરકારી નોકરી મેળવવાની ઉત્તમ તાલીમ આપતું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું સી.સી.ડી.સી. સેન્ટર એ ગુજરાત રાજયની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં સૌપ્રથમ પ્રસ્થાપિત થયેલું સેન્ટર છે. આ કાર્યશાળામાં સી.સી.ડી.સી. ના કોઓર્ડીનેટર ડો. નીકિશભાઈ શાહ, તજજ્ઞ દિનેશભાઈ કણેત, ધવલભાઈ મારુ તથા બહોળી સંખ્યામાં છાત્રો ઉપસ્થિત રહ્યા હતા.(૧.૪)

**વિધાનસભામાં સરકારનો જવાબ: છેલ્લા બે વર્ષમાં ૨૮૩ સિંહ અને ૩૩૩ દીપડાનાં મોત થયાં**

### બે વર્ષમાં દીપડા દ્વારા માણસ પર હુમલાના ૮૫ બનાવો, ૯ના મોત, ૭૯ લોકો ઘાયલ

# ગુજરાતમાં રેડિયોકોલર પહેરાવેલ ૧૧૨ સિંહોમાંથી ૭ સિંહોના મોત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ.તા.૩૦

ગુજરાત વિધાનસભાના સત્રમાં સરકારે માહિતી આપી હતી કે, બે વર્ષમાં ૩૩૩ દીપડાના મૃત્યુ થયાં છે. જેમાં ૨૪૨ દીપડા અને બાળ દીપડા ૯૧ મોત થયા છે. કુદરતી મૃત્યુમાં ૧૭૫ દીપડા અને ૬૮ બાળ દીપડાના મોત થયાં છે. જ્યારે અકુદરતી મૃત્યુમા ૬૭ દીપડા અને ૨૩ બાળ દીપડાના મોત થયાં છે. બીજી તરફ રાજ્યમાં ગીર સોમનાથ અને જૂનાગઢમાં દીપડાનો આતંક વધ્યો છે. દીપડા દ્વારા માણસ પર થયેલા હૂમલાના ૮૫ બનાવો બન્યાં છે. જેમાં ૯ લોકોના મોત અને ૭૯ લોકો ઘાયલ થયાં છે. બીજા એક સવાલમા જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા ૨ વર્ષમાં ૧૧૨ સિંહોને રેડિયોકોલર પહેરાવવામાં આવ્યાં છે જેમાંથી ૭ સિંહોના મોત નિપજ્યાં છે.

ગુજરાતમાં સિંહ અને દીપડાના મોત અંગે ચિંતાજનક આંકડાઓ સામે આવ્યાં છે. છેલ્લા બે વર્ષમાં અકસ્માતથી ૨૯ અને કુદરતી રીતે ૨૫૪ સિંહોના મોત થયાં છે. છેલ્લા બે વર્ષમાં કુલ ૨૮૩ સિંહોના થયા મૃત્યુ થયાં છે. બીજી તરફ બે વર્ષમાં ૩૩૩ દીપડાના મૃત્યુ થયાં છે. જેમાં ૨૪૨ દીપડા અને બાળ દીપડા ૯૧ મોત થયા છે. કુદરતી મૃત્યુમાં ૧૭૫ દીપડા અને ૬૮ બાળ દીપડાના મોત થયાં છે. જ્યારે અકુદરતી મૃત્યુમા ૬૭ દીપડા અને ૨૩ બાળ દીપડાના મોત થયાં છે. ગીર અભયારણ્યમાં બે વર્ષમાં ૧૪ કરોડની આવક થઈ હોવાનું પણ સરકારે વિધાનસભામાં જણાવ્યું હતું.

વિસાવદરના ધારાસભ્ય હર્ષદ રિબડિયાએ પ્રશ્ન પૂછયો હતો કે, ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ની સ્થિતિએ લાયન પ્રોજેક્ટની જાહેરાત ક્યારે કરવામા આવી હતી. તે અંતર્ગત કેટલા નાણાં ફાળવવામાં આવ્યાં હતાં.આ સવાલના જવાબમા સરકારે લેખિતમાં જણાવ્યું હતું કે,સરકારે લાયન પ્રોજેક્ટ તૈયાર કરીને કેન્દ્ર સરકારને મંજુરી માટે મોકલી છે. હાલ આ પ્રોજેક્ટ મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. એક અન્ય પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે ગીર અભ્યારણ્ય અને નેશનલ પાર્કમાં પેરાપેટ વિનાના ૪૩૭૬ ખુલ્લા કુવાઓ આવેલા છે, આવા ખુલ્લા કૂવાઓમાં સિંહ તથા અન્ય રક્ષિત વન્ય પ્રાણીઓના પડવાથી ઈજા અને મૃત્યુ પામે છે.

### રાજ્યમાં હવે માત્ર ૩૪૩ જ રીંછ બચ્યાં



બીજી તરફ રાજ્યમાં હવે માત્ર ૩૪૩ જ રીંછ બચ્યાં છે. અમદાવાદના નરોડાના ધારાસભ્ય બલરામ થાવાણીના સવાલનો વનમંત્રીએ લેખિતમાં જવાબ આપ્યો હતો. વનમંત્રીએ જવાબમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલમાં રીંછની સંખ્યા ૩૪૩ છે. રીંછની વસતી ગણતરી છેલ્લે ૨૦૧૬માં કરવામાં આવી હતી. મણિનગરના ધારાસભ્ય સુરેશ પટેલના સવાલનો લેખિતમાં જવાબ આપતાં વનમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ઘુડખરની વસતી ૬૦૮૨ છે. તેમજ છેલ્લે ઘુડખરની વસતી ગણતરી ૨૦૨૦માં કરવામાં આવી હતી.



# રાજકોટ શહેર ભાજપના શુકાની તરીકે યશસ્વી ૬ વર્ષ પૂર્ણ કરતા કમલેશ મિરાણી

**મળતાવડા સ્વભાવને કારણે પક્ષને પારકામાં પણ પોતિકો બનાવ્યોઃ છ વર્ષમાં ૭૦૦ થી વધુ કાર્યક્રમો આપી સંગઠનને વધુ સુદ્રઢ બનાવ્યુ**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૩૦

શહેર ભાજપના પ્રમુખ તરીકે છ વર્ષ પૂર્ણ કરતા સફળતાના સુકાની કમલેશ મિરાણીને આજે ભાજપ અગ્રણીઓ, કાર્યકર્તાઓ, શુભેચ્છકો, સમર્થકોએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. ત્યારે છેલ્લા છ વર્ષો દરમ્યાન કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ભાજપ નું સંગઠન ગુજરાતમાં નંબર વન તરીકે ઉભરી આવ્યુ છે.આ તકે કમલેશ મિરાણીએ છેલ્લા છ વર્ષોમાં સૌનો સાથ, સૌનો વિકાસ ના મંત્ર સાથે પાર્ટીનો વ્યાપ વધારવામાં સહભાગી થનાર તમામ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરેલ હતો.

આ તકે કમલેશ મિરાણીએ જણાવેલ કે ગુજરાત વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં રાજકોટની ચારેય બેઠકો પર કાર્યકર્તાના અથાક પરિશ્રમને કારણે જવલંત વિજય મેળવી ભાજપાનો ભગવો લહેરાયો, ત્યારબાદ ૨૦૧૯માં લોક્સભા ચૂંટણીમાં ભાજપે ઉજળો દેખાવ ર્ક્યો તેમજ ગત વર્ષે સંપન્ન થયેલ રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ન ભુતો ન ભવિષ્યતિ ના મંત્રને સાર્થક કરતા મહાનગરપાલિકાની ૭૨ બેઠકો માં થી ૬૮ બેઠકો પર જવલંત વિજય પ્રાપ્ત ર્ક્યો તેમજ ભૂતકાળમાં વિધાનસભા-૬૮ની બેઠક કોંગ્રેસ પાસે હતી, તે બેઠક મેળવવામાં સફળતા મેળવી તેમજ કોર્પોરેશનની પેટાચૂંટણીઓમાં કોંગ્રેસ પાસે રહેલી બે બેઠકો ભાજપ કબ્જે કરી. તેમજ વિવિધ રાજયો તેમજ રાજયના વિવિધ જિલ્લા-મહાનગરોમાં યોજાતી ચૂંટણીઓમાં શહેર ભાજપના કાર્યકર્તાઓ લોકસંપર્ક, પ્રચાર-પ્રસારની કામગીરીમાં જોડાઈ પ્રચાર કાર્ય વેગવંતુ બનાવે છે.

આ ઉપરાંતમાં મારા શહેર ભાજપ પ્રમુખપદના કાર્યકાળ દરમ્યાન શહેર ભાજપ દ્વારા વિકાસ પર્વ સંમેલન, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ભવ્ય રોડ-શો, સહિત અનેક ઓવરબ્રીજ- અન્ડરબ્રિજ અને કોરોનાની મહામારીમાં પાર્ટીના માધ્યમથી લોકસેવા કરવાનો એક અનેરો અવસર મળ્યો છે જે મારા કાર્યકાળના ઈતિહાસમાં યાદગાર સંભારણુ બની રહેશે.

તેમજ આવનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શહેરની ચારેય બેઠકો ઉપર ભારતીય જનતા પાર્ટીનો ભગવો લહેરાય તે માટે સૌ કાર્યકર્તાઓના સાથ-સહકારથી પરીશ્રમની પરાકાષ્ઠા સર્જવાનો નિર્ધાર વ્યકત કરતા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ જણાવેલ હતું.ત્યારે છ વર્ષ દરમ્યાન પાર્ટી ધ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમોને ભવ્ય રીતે સફળ બનાવવા બદલ શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓનો જાહેર આભાર વ્યક્ત ર્ક્યો હતો.

**આવનારી વિધાનસભાની ચૂંટણીમાં શહેરની ચારેય બેઠકો ઉપર ભારતીય જનતા પાર્ટીનો ભગવો લહેરાય તે માટે સૌ કાર્યક્તાઓના સાથ-સહકારથી પરીશ્રમની પરાકાષ્ઠા સર્જવાનો નિર્ધાર વ્યક્ત કરતા કમલેશ મિરાણી**

# ગુરૂનાનક સિંધી સેવા મંડળ સિંધી સમાજ ગાંધીગ્રામ દ્વારા ચેટીચંડ શોભાયાત્રાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૩૦

ગુરૂનાનક સિંધી સેવા મંડળ સિંધી સમાજ ગાંધીગ્રામ દ્વારા અગામી શનિવારના રોજ ઇષ્ટદેવ ઝુલેલાલસાઈનું ૧૦૭૨ મુ જન્મોત્સવ ભારે ધૂમધામથી જ્યોત પ્રગટાવી પૂજા કરીને ગુરૂનાનક મંદિરેથી સવારે ૧૦:૩૦ થી શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ડી.જે નાં તાલે આયોલાલ ઝુલેલાલનાં નારા સાથે ભારતીનગર થઈને સંત કવરરામ ચોક થઈને શોભાયાત્રા મારૂતિ હોલમાં પહોચશે. જ્યાં મહાપ્રસાદનું આયોજન રાખવામાં આવેલ છે. યાત્રામાં વધુને વધુ લોકોને જોડવા અપીલ કરાઇ છે. તેમજ સિંધી સમાજનાં નવા વર્ષનાં બધાને અભિનંદન પણ પાઠવાયા છે.(૪)



# સગીર બાળકનું ભરણપોષણ કરવાની જવાબદારી પિતાની હોવાનું ઠરાવતો ચુકાદો આપતી રાજકોટ ફેમિલી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

કેસની ટુંક વિગત એવી છે કે, રાજકોટમાં રહેતા પરિણીતા અંકીતાબેન હિતેષભાઇ દોમડીયાના લગ્ન હિતેશભાઈ વિઠ્ઠલભાઈ દોમડીયા સાથે તા.૧૯/ ૦૨/ ૨૦૧૭ ના રોજ રાજકોટમાં થયા હતા. અને સહલગ્નજીવન દરમ્યાન (વ્રજ) સંતાનનો જન્મ થયેલ હતો. નોકરી કરતા હોય, તેમને લગ્નજીવનના અમુક વર્ષો બાદ અણબનાવને કારણે અનેકવાર બંનેના કુટુંબીજનો દ્વારા સમાધાન પણ કરવામા આવેલ હોવા છતા કોઇ પણ જાતનો ફેરફાર પડેલ ન હોય તેથી અંકિતાબેનને પીયરે આવવાની નોબત આવેલ હતી. આ સમયગાળા દરમ્યાન સામાવાળા પતિ દ્વારા પરિણીતા અંકિતાબેન અને પુત્ર વ્રજની ભરણપોષણની કોઇ જવાબદારી નીભાવી ન હોઇ તેથી અંકિતાબેને કોર્ટ સમક્ષ કાયદા અન્વયે સગીર સંતાનનુ ભરણપોષણ મેળવવા અરજી કરી હતી, આ કેસમાં સામાવાળા પતિ અદાલત સમક્ષ હાજર થયેલ હતા અને વાંધા રજુ કરેલ હતા. . જેમા અરજદાર તરફે લેખીત દસ્તાવેજો રજુ થયેલ હતા.અરજદાર પણ સરકારી નોકરીયાત હોય તેથી તેમણે પોતાનું ભરણપોષણ માંગેલ ન હતુ. ત્યારબાદ સદર કામ દલીલો પર પહોંચેલ જેમા અરજદારના એડવોકેટ અલ્પેશ પોકીયાએ દલીલમાં જણાવેલ કે સામાવાળાએ વિના કારણે પત્નીનો તથા સગીર સંતાનનો ત્યાગ કરેલ છે, ચાલુ લગ્નજીવન દરમિયાન અરજદારને વિના કારણે ઘરમાંથી કાઢી મુકેલ છે, અરજદાર તથા સગીરને ને તેડી જવા તૈયાર નથી, જે તમામ હકીક્ત રેકર્ડ પર આવેલ છે, કાયદાકીય જોગવાઇ મુજબ પિતાએ સગીર સંતાનને ભરણપોષણ આપવાની કાયદેસરની જવાબદારી બને છે. સામાવાળા પતિ ઇન્ડિયન બેંકમા નોકરી કરી માસીક આવક મેળવે છે તેમજ અલગ અલગ ધંધાકીય વ્યવહાર કરતા હોય, આર્થિક રીતે સધ્ધર હોવાની હકીક્તો રેકર્ડ પર આવેલ છે.જેથી ભરણપોષણ ચુકવવા સંદર્ભેની દાદો અપાવવા રજુઆતો કરવામાં આવી હતી, જે ગ્રાહય રાખી ફેમિલી કોર્ટે અરજદાર પત્નીની અરજી મંજુર કરી ભરણપોષણ પેટે અરજદારના સગીર પુત્ર વ્રજને માસીક રૂ.૭,૦૦૦ અને અરજદારને અરજીખર્ચ રૂ.૫૦૦૦ અલગથી ચુકવી આપવા હુકમ પતિ હિતેશભાઈ દોમડીયાને ફેમિલી કોર્ટે હુકમ ર્ક્યો હતો.આ કામમાં અરજદાર પરિણીતા પી એન આર લો ચેમ્બરના એડવોકેટ અલ્પેશ પોકિયા અમિત ગડારા વંદના રાજ્યગુરુ પરેશ ગ્રુપ ભાર્ગવ પંડ્યા કેતન સાવલિયા રિતેશ ટોપિયા રોકાયા હતા.



એડવોકેટ: અલ્પેશ પોકિયા

## ભય ભરેલું ભણતરઃ લાચાર બાળકોને જીવનું જોખમ

# વીરપુરની જર્જરિત જલારામજી હાઈસ્કૂલ ભયજનક


(કિસન મોરબીયા દ્વારા)

વીરપુર, તા.૩૦

સમગ્ર વિશ્વની એકમાત્ર જગ્યા કે જ્યાં કોઈપણ પ્રકારના દાન કે રૂપિયા લીધા વગર ૨૦૦ વર્ષથી અવિરત રીતે ભુખ્યાને ભોજન આપતા પૂજ્ય સંત શ્રી જલારામ બાપાના વીરપુર જલારામ ગામે આવેલ શ્રી ૧૯૮૭ની સાલમાં લોકફાળાથી બનેલ ગ્રામપંચાયત સંચાલીત જલારામજી વિદ્યાલય આજે ઘણા સમયથી જર્જરીત થઈ ગયેલ છે શાળાના વર્ગખંડની છતમાંથી અનેકવાર ચાલુ વર્ગે મોટા મોટા પોપડા પડ્યા છે







શાળામાં આવેલ આઠ વર્ગખંડ આવેલા છે જેમાંથી માત્ર એક કે બે જ વર્ગખંડમાં અભ્યાસ થઈ શકે તેમ છે.

જેથી શાળાના આચાર્ય દ્વારા સાવચેતીના પગલારૂપે જર્જરિત વર્ગોમાં તાળા મારી દેવામાં આવ્યા છે. શાળામાં ધો.૯ અને ૧૦ સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે એટલે ઓછામાં ઓછા એક ધોરણના બે વર્ગો તો જોઈએ જ એટલે દસ વર્ગખંડો અભ્યાસ માટે બે વર્ગ ખંડો કોમ્પ્યુટર ક્લાસ માટે અને એક લાયબ્રેરી માટે જેની સામે શાળાની

### અનેક વખત સરપંચથી લઈને મુખ્યમંત્રી સુધી રજૂઆતો કરવા છતાં વિસ્તાર શાળાનું નવીનીકરણ કરવામાં અખાડા

કમનસીબી એ છે કે હવે માત્ર એક જ વર્ગ ખંડ જ બેસવા લાયક રહ્યો છે તેમાં પણ શાળા ઈમારત પડવાના ભય હેઠળ ભણવાનું એટલે કે સરકાર ભાર વગરનું ભણતરના બંણગા ફૂંકે છે પરંતુ ખરી વાસ્તવિકતા એ છે કે અહીં તો ભય હેઠળ ભણતર ચાલે છે.

આ જલારામજી વિદ્યાલયને રીપેરીંગની તેમજ શાળા બિલ્ડીંગ નવું બનાવવા માટે સરપંચથી મુખ્યમંત્રી સુધી શાળાના આચાર્ય વીડી નૈયાએ ૨૦૧૬ સાલથી તેમજ અવારનવાર વિરપુરના સરપંચે પણ સરકારને લેખિત રજૂઆત કરી છે પરંતુ તેઓને રીપેરીંગના ઠાલા આશ્વાસનો જ મળ્યા છે આ શાળા રીપેરીંગના બદલે જર્જરિત શાળામાં ૨૦૧૬ થી લઈને આજે પણ શિક્ષણ કાર્ય શરૂ છે, શાળામાં એક પણ મોટો વર્ગખંડ કે હોલ સલામત ન હોય માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભયના માહોલ વચ્ચે આજે પણ ભણતર શરૂ કર્યું છે, આજે માત્ર ધોરણ નવ અને દસના વર્ગો ચાલુ છે.

જો ભવિષ્યમાં અન્ય ધોરણના વર્ગો ચાલુ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને ના છૂટકે સ્કૂલના ખુલ્લા મેદાનમાંમાં બેસીને અભ્યાસ કરવો પડે તેવી સ્થિતિ સર્જાશે માટે યાત્રાધામ વિરપુરના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સરપંચ પણ આ શાળાને સરકાર દ્વારા ફરીથી નવી બનાવી આપે તેવી માંગ કરી રહ્યા છે.

## HCG હોસ્પિટલ દ્વારા ટ્રોમા વર્કશોપ



### શાપર અને પડધરીના ૫૦ તબીબોને અદ્યતન સારવારની અપાઈ તાલીમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

એચ.સી.જી. હોસ્પિટલ રાજકોટ અને લાઈફ કેર ફાઉન્ડેશન દ્વારા આયુષ મંત્રાલયના સંયુકત ઉપક્રમે રાજકોટના શાપર એન્ડ પડધરી ડોક્ટર્સ એસોસિએશન સાથે ટ્રોમા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ ડોક્ટર્સએ ભાગ લીધો હતો.

આ વર્કશોપમાં શાપર એન્ડ પડધરી ડોક્ટર્સ એસોસિએશનને લાઈફ સેવિંગ, પોસ્ટ કોવિડ ટ્રીટમેન્ટ, ઈમર્જન્સી દર્દીઓની, પ્રાથમિક સારવાર જેવી, ઘણી બધી અદ્યતન તાલીમ આપવામાં આવી હતી. જેમાં એચ.સી.જી. હોસ્પિટલના ડોક્ટર્સ અને લાઈફ કેર ફાઉન્ડેશનએ ખાસ તાલીમ આપી હતી. આ વર્કશોપમાં બાંહેધરીના ભાગરૂપે ચિકિત્સકોની એક પ્રાથમિક પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ. જેના મારફતે આયુષ મંત્રાલય દ્વારા તેના અવલોકન બાદ ચિકિત્સકોને પ્રમાણપત્ર પણ આપી શકે છે.

## જસદણમાં માનવ સેવા સમિતિ દ્વારા રવિવારે ચિકિત્સા કેમ્પ

(હુસામુદ્દીન કપાસી દ્વારા)

જસદણ, તા.૩૦

જસદણમાં આગામી તા.૩ ને રવિવારના રોજ માનવ સેવા સમિતિના સભ્યો દ્વારા પોતાની સંસ્થાને ૧૬ વર્ષ પૂર્ણ થતાં હોય તે નિમિતે એક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન હાથ ધરી જેમાં વિવિધ નિષ્ણાંત ડોકટરો દ્વારા આ પંથકના દર્દીઓનું નિદાન કરશે. જેમાં દર્દીઓ માટે પાણીથી લઈ તેમનાં આરોગ્ય સુધીની કાળજી લેવામાં આવશે આ અંગે તડામાર તૈયારીઓ થઈ રહી છે. રવિવારે યોજાનારા કેમ્પમાં કુલ મળી જુદાં-જુદાં ૧૨ ડોકટરો સેવા આપશે શહેરના કૈલાસનગરમાં આવેલ વિવેકાનંદ શાળામાં કેમ્પનો સમય સવારના નવ વાગ્યાનો રહેશે. તેથી દરેક દર્દીઓએ સમયસર ઉપસ્થિત રહેવું. આ કેમ્પ અંગે કોઈ દર્દીઓને વધું વિગતની જરૂરિયાત હોય તેમણે (૯૮૨૪૨૧૮૦૮૫) ઉપર મેળવી લેવાં પ્રમુખ સંજયભાઈ વિરોજાએ એક યાદીમાં જણાવ્યું છે.

## રાજકોટમાં બસપા દ્વારા તા.૬ ના રોડ-શો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

### મુખ્ય માર્ગો પર કાર–બાઈક સાથે રેલી બાદ સાંજે નવા થોરાળામાં જાહેરસભા યોજાશે

રાજકોટ, તા.૩૦

ગુજરાત પ્રદેશ બહુજન સમાજ પાર્ટીના નવનિયુકત પ્રદેશ પ્રભારી સુરેન્દ્રસિંહ કલોરિયાની નિમણૂંક અને રાજકોટ શહેર-જીલ્લાની પ્રથમ આગમનના અનુસંધાને રાજકોટ શહેર બહુજન સમાજ પાર્ટી દ્વારા ભવ્ય રોડ-શો તેમજ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૬-૪ બુધવારે રાજકોટ શહેરના જુદા-જુદા ઐતિહાસિક સ્થળો પરથી કાર અને ટુવ્હિલરની બહોળી સંખ્યામાં રેલી યોજવામાં આવી છે. તા.૬-૪ ના રોજ સાંજે વિધાનસભા ૬૮ માં રેલીનું સમાપન કરવામાં આવશે.

ત્યારબાદ વિધાનસભા ૬૮ માં જાહેર સભાનું આયોજન ૮૦ ફુટ રોડ, ડો.બાબાસાહેબ આંબેડકરનગર ગેટની સામે નવા થોરાળા ખાતે સાંજે ૭ વાગ્યે કરવામાં આવ્યું છે.

આ તકે શહેર-જીલ્લાના બહુજન સમાજ પાર્ટીના આગેવાનો હોદેદારો કાર્યકરોએ અને જુદી-જુદી સામાજિક સંસ્થાઓના આગેવાનો હોદ્દેદારો કાર્યકરોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ કરાઈ છે.

### 'લીડીંગ મેન્યુફેકચરર્સ ઈન પેઈન્ટ ઈન્ડસ્ટ્રીઝ' માટે

## ગ્લોબલ કલર્સ એન્ડ કેમીકલ્સને એવોર્ડ એનાયત



### ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

ગ્લોબલ પઈન્ટસ તા.૧૩ ડિસેમ્બર, ૨૦૦૪ ના રોજ શરૂ થઇ હતી અને તે પણ ગોરેગાંવ (મુંબઇ)માં એક નાના યુનિટ સાથે. ત્યારે શરૂઆતમાં ૧૫ ટન દર મહિનાની કેપેસિટી અને સર્વિસ સાથેના લક્ષ્ય સાથે આ કંપની શરૂ થયેલ છે.

તા.૨૦ જાન્યુઆરી, ૨૦૦૮ ના રોજ કંપનીએ પોતાનું પ્રોડકશન બોઇસર (મહારાષ્ટ્ર) માં શરૂ કરેલ હતું. ત્યાર પછી જુલાઇ, ૨૦૧૦ ના રોજ કંપનીએ બીજી સિધ્ધિ પ્રાપ્ત કરી અને બીજું પ્રોડકશન યુનિટ, વાદીડિયા જી.આઇ.ડી.સી. (વડોદરા) (ગુજરાત) ખાતે શરૂ કર્યું. ત્યારબાદ તા.૫ ઓગષ્ટ, ૨૦૧૦ ના રોજ UKAS Quality Management તરફથી ISI 9001 : 2008 નું સર્ટીફીકેટ મળ્યું.

અત્યારે માણસોની નજરમાં ખૂબ જ સારી કવોલીટી અને સર્વિસ સાથેની સેવા પુર પાડે છે. બહારની દિવલ તથા અંદરની દિવાલ ખૂબ જ વિવિધ રંગો સાથે નવા કલર્સ ગ્રાહકોને આપવામાં આવી રહ્યા છે . ગ્રાહકોની જરૂરિયાત સમજી દર વષને કંઇક નવું જ પ્રોડકટ આપી રહ્યા છીએ.

અત્યારે ૩૨૦૦ ટન જેટલું ઉત્પાદન કરીને કંપની ખૂબ જ સારી કામગીરી કરી રહી છે . આ વર્ષે કંપનીને સી . આર . પાટીલ (ભાજપ પ્રદેશ અધ્યક્ષ) તથા ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે Leading Manufacturer in PaintIndustry માટે ગ્લોબલ ૭૦૨ મંત્રાળ કલર્સ એન્ડ કેમીકલ્સ લી. ને ન્યુઝ ૧૮ ગુજરાતી તરફથી આ એવોર્ડ આપવામાં આવેલ છે. આ સિધ્ધી કંપનીએ પોતાની મહેનતથી હાસીલ કરેલ હતી.

## પ્રદેશ કોંગ્રેસ સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટ મંત્રી તરીકે જીજ્ઞેશ વાગડીયાની નિમણૂંક



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

પ્રદેશ કોંગ્રેસનાં સમિતિના પ્રમુખ જગદીશભાઈ ઠાકોરની આગેવાની હેઠળ પ્રદેશ કોંગ્રેસનાં સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટ મંત્રી તરીકે જીજ્ઞેશ વાગડીયા કરવામાં આવી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ ડો હેમાંગભાઈ વસાવડા તથા સ્ટેટ કોંભાર્ગવભાઈ પઢિયાર તથા શહેરનાં પ્રમુખ પ્રદિપભાઇ ત્રિવેદી તથા પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અશોકભાઈ ડાંગર, મહેશભાઈ રાજપૂત,જશવંતસિંહ ભટ્ટી, દિનેશભાઈ મકવાણા તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા તથા શહેર કોંગ્રેસ મહિલા પ્રમુખ મનિષાબા વાળા, પ્રતિમાબેન વ્યાસ, દિપ્તીબેન સોલંકી તથા સૌરાષ્ટ્રનાં ફરિયાદ સેલનાં ચેરમેન આશિષભાઈ વાઢેર, પ્રવિણભાઇ મૈયડ, અશોકસિંહ સિંહ વાઘેલા, સંજયભાઈ લાખાણી, કૃષ્ણ દંત રાવલ, અમિતભાઈ રવાણી, રવિભાઈ ડાંગર,ગોપલ મોરવાણીયા, વિરલભાઈ ભટ્ટ ભાવેશભાઈ ખાચરિયા, મહેશભાઈ પાસવાન, સાગરભાઈ દાફડા, ધનશ્યામભાઈ મકવાણા, હસુભાઈ સોલંકી, ધમભા પરમાર,સંદિપ રાખેશીયા, રાજુભાઈ આમરણીયા, રાજુભાઈ માંડલિયા શહેર-જીલ્લાનાં પ્રમુખ હિમંત ભાઈ લાંબડીયા, ઉપપ્રમુખ ગજુભા ઝાલા, મહામંત્રી નયનભાઈ કોઠારી તથા સોની સમાજનાં અગ્રણી,ભાયાભાઈ સાહોલીયા, અરવિંદભાઈ પાટડિયા, દિલીપભાઈ રાણપરા, પુનિતા બેન પારેખ, રીતેશભાઈ આડેસરા, મયુરભાઈ આડેસરા, નયનભાઈ રાણપરા,કનુભાઈ પાટડિયા, મેહુલભાઈ રાણપરા (ભગત) મુકેશભાઇ ઝેવરી, પ્રવિણભાઇ પારેખ,અશ્રિવનભાઈ રાણપરા, પ્રશાંતભાઈ વાગડીયા શૈલેષભાઈ પાટડિયા, કેતનભાઈ પાટડિયા, પરેશભાઈ પાટડિયા, ભાવિનભાઈ વાગડીયા રવિકાન્ત ભાઈ વાગડીયા, શોભનભાઈ પારેખ અનિલભાઈ આડેસરા હિતેશભાઈ વાગડીયા કમલેશભાઈ પાટડિયા દિપકભાઈ કરચલીયા નિલેશભાઈ જડીયા, ભાવેશભાઈ પાટડિયા, શૈલેષભાઈ ફિચડીયા જીતુભાઈ ફિચડીયા ચંદ્રેશભાઇ ફિચડીયા, રવિભાઈ રાણીંગા, મનિષભાઇ પાટડિયા, વિરેનભાઈ બારભાયા,વિગેરે અગ્રણી દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### અમદાવાદમાં બાપ બન્યો શૈતાનઃ પત્ની, બે માસુમ સંતાનો, સાસુની કરપીણ હત્યા

અંદર જતા જ પોલીસ અને સ્થાનિકો અંદરનું દ્રશ્ય જોઈએ સ્તબધ્ધ થઇ ગયા હતા. રૂમમાં એક મહિલા, ૨ માસુમ બાળકો અને એક વૃધ્ધાની લોહીની તરતી લાશો નજરે પડી હતી. પોલીસે તાત્કાલિક તપાસ કરી હતી ત્યારે ઘરનો મુખ્ય મોભી વિનોદ મરાઠી ફરાર થઇ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. હત્યારાએ માસુમ બાળકો, પત્ની અને સાસુમાંની તીક્ષ્ણ હથિયારનાં ઘા મારી ક્રુરતા પૂર્વક હત્યા કરી નાખી અને નાસી ચુક્યો હતો. પોલીસે ઘરમાંથી સોનલ મરાઠી, તેમના દાદી સુભદ્રાબેન મરાઠી, માસુમ દીકરી પ્રગતિ મરાઠી અને દીકરા ગણેશ મરાઠીની લાશોને પોસ્ટમોટર્મ માટે સિવિલ હોસ્પિટલ મોકલાવી હતી. ઘરનાં અલગ- અલગ રૂમમાંથી લાશો મળી આવી હતી તેમ પોલીસે જણાવ્યું હતું. ચારેયનાં શરીર પર હથિયારનાં ઘાનાં નિશાન જોવા મળ્યા હતા. પોલીસને ઘરકંકાસને કારણે હત્યાઓ થયાની શંકા છે. વધુ તપાસમાં જાણવા મળ્યું હતું કે મારનાર સોનલબેનનાં દાદી સુભદ્રાબેન થોડા દિવસ પહેલા જ પરિવાર સાથે રહેવા આવ્યા હતા. ત્યારે પણ શકમંદ હથિયાર વિનોદને સાસુમાં સાથે ઝઘડો થયો હતો એ સમયે પણ તેણે સાસુમાંને છરી ઝીંકી દીધી હતી. સાસુ પડી ગયાનું કહીને સારવાર કરાવી હતી. એ વખતે તો પોલીસ ફરિયાદ થઇ ન હતી. વિનોદ મરાઠી ૪ દિવસ પહેલા આખા પરિવારને મોતની સોડમાં સુવડાવીને ફરાર થઇ ગયાનું પોલીસ માને છે. હત્યારાને શોધી કાઢવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ આકાશ-પાતાળ એક કરી રહી છે. પોલીસે મહારાષ્ટ્રનાં સાંગલી શહેર સુધી તપાસનો દૌર લંબાવ્યો છે. હત્યાકાંડ આચરીને નરાધમ હત્યારો મહારાષ્ટ્રમાં છુપાયો હોવાની પોલીસને શંકા છે. (૨.૧૨)

### નરેશ પટેલ ભાજપ સિવાય બીજે ક્યાંય નહીં જાયઃ મુખ્યમંત્રીની સૂચક ટકોર

પ્રવેશ વિશે સવાલ થતા ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ કોઈ પક્ષમાં જોડાયા છે ત્યારે તેને સન્માન અને દરજ્જાની ઈચ્છા હોય છે અને ગુજરાતમાં એકમાત્ર ભાજપ જ એવો પક્ષ છે જે સન્માન અને દરજ્જો આપી શકે છે. નરેશ પટેલ ભાજપ સિવાય બીજે ક્યાંય નહીં જાય એવી મને ખાતરી છે. પક્ષનાં કેટલાક સિનિયર નેતાઓને પણ આ વખતે ટિકિટ મળવાની નથી. એવા અનુમાન અંગે સવાલ થતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ભાજપ એવો પક્ષ છે જ્યાં મુખ્યમંત્રી પણ તેની ઉમેદવારી અંગે છાતી ઠોકીને દાવો કરી શકે. અન્યોની તો ક્યાં વાત કરવી. અંતમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું વતન છે. એટલે રાજ્યની ચૂંટણીઓ પર દેશઆખાની નજર રહે છે. શું મોદીજીની જગ્યા પર આવી ગુજરાતમાં આપ કોઈ દબાણ અનુભવો છો? આ સવાલ સામે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, મોદીજીની તોલે કોઈ ન આવી શકે. નરેન્દ્રભાઈ એક હી હૈ. એમણે ભૂતકાળમાં જે પરિશ્રમ કર્યો છે તેના કારણે અમારું કામ આસાન બની ગયું છે.(૨.૧૨)

### આકાશમાંથી વરસતી આગ, ધરતી ધગધગીઃ આકરી લૂ

અસાધારણ વધારો થવા સાથે આકરી લૂ લોકોને બેહાલ બનાવી દેશે તેથી સાવચેત રહેવા હવામાન ખાતાએ લોકોને ચેતવણી આપી છે. પાટનગર નવી દિલ્હીમાં તો અગામી દિવસોમાં મહતમ તાપમાનમાં ૧૦ થી ૧૫ ડિગ્રીનો આકરો વધારો થાય તેવી શક્યતા છે. બર્ફીલા પ્રદેશ ગણાતા હિમાચલનાં કુલ્લુ- મનાલી, કાંગડા, મંડી અને સોલનમાં પણ લૂ ફુંકાવાની ચેતવણી આપવામાં આવી છે. રાજસ્થાન તરફથી ફૂંકાતા પવન અને સ્વચ્છ હવામાનને કારણે સૂર્યનાં કિરણો સીધા ધરતી પર આવી રહ્યા છે. જેના કારણે ધરતી અગન ગોળો બની ગઈ છે. આવતા એક સપ્તાહ સુધી ગરમીનું પરસેવે નીતારતું મોજું ચાલુ રહેવાનું છે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### બેકાબુ મોંઘવારીનાં વિરોધમાં કોંગ્રેસનો 'નગારે ઘા'

ઉતરી પડશે. તેવું પ્રદેશ કક્ષાએથી કોંગ્રેસનાં સુત્રોએ જણાવ્યું છે. પ્રજાની સમસ્યાઓ પ્રતિ સરકારની ધ્યાન ખેંચવા માટે વિવિધ લોકલક્ષી મુદ્દાઓ સાથેનું વિગતવાર આવેદનપત્ર રાજકોટ જિલ્લા કલેકટરને આપવામાં આવશે અને જનતાનો અવાજ સરકાર સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. આ કાર્યક્રમ એપ્રિલમાં કઈ તારીખે યોજાશે એ હજુ નક્કી થયું નથી. પ્રદેશમાંથી વિગતવાર કાર્યક્રમ અને તારીખો ટૂંક સમયમાં જાહેર થવાની શક્યતા છે. જો કે લોકોની સમસ્યાઓ અંગે સરકારને લડત આપવાની તૈયારીઓ રાજકોટથી માંડીને ગાંધીનગર સુધીનાં કોંગ્રેસનાં નેતાઓ દ્વારા જોશભેર અને ઉત્સાહ સાથે શરૂ કરી દેવામાં આવી છે. કોંગ્રેસ જવાબદાર અને મુખ્ય વિપક્ષ તરીકે લોકોની વેદનાઓને સરકારનાં કાન સુધી પહોંચાડવાના તમામ પ્રયાસો આગળ વધારવા માટે કટીબધ્ધ બની છે. (૨.૧૨)

### રાજકોટ વેરા–વસુલાત શાખા દ્વારા રૂ.૧૪૭.૩૧ લાખની રિકવરી

ગોંડલ ચોકડી પાસે આવેલ પરફેક્ટ ઓટોના બાકી માંગણા સામે રૂ. ૩૬ લાખ રિકવરી. વોર્ડ નં. ૧૪માં કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ મેઈન રોડ પર આવેલ કોમર્શીયલ યુનિટને બાકી માંગણા સામે જપ્તીની નોટીસ આપતા રૂ. ૧.૫૩ લાખ રીકવરી, ભક્તિનગર સર્કલ પાસે આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૬૫ હજાર રિકવરી. વોર્ડ નં. ૧૫માં રીંગ રોડ પર આવેલ ૩-ઇન્ડસ્ટ્રીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૧.૮૯ લાખ રિકવરી. વોર્ડ નં. ૧૬માં કોઠારિયા રોડ પર આવેલ ૩-કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૧.૮૦ લાખ રિકવરી. વોર્ડ નં. ૧૮માં ઢેબર રોડ પર આવેલ ૨-ઇન્ડસ્ટ્રીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૧.૧૫ લાખ રિકવરી કરાઇ છે. આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, નિરજ વ્યાસ, વિવેક મહેતા તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ તથા વોર્ડ કલાર્ક દ્વારા આસી. કમિશ્નર કગથરા, સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રિકવરીની કામગીરી ચાલુ છે.(૧૧)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### અનેક શહેરોમાં પેટ્રોલનો લીટરદીઠ ભાવ રૂ.૧૦૦ને પાર કરી ગયો

મુંબઈમાં પેટ્રોલ લીટરદીઠ રૂ.૧૧૫.૮૮ નાં ભાવે વેચાઈ રહ્યું છે અને ડીઝલ પણ સદી ફટકારી ચૂક્યું છે અને નવો ભાવ રૂ.૧૦૦.૧૦ થઇ ગયો છે. ચેન્નાઈમાં પેટ્રોલનો ભાવ રૂ.૧૦૬.૬૯ અને ડીઝલ રૂ.૯૬.૭૬ પ્રતિલીટર, કોલકતામાં પેટ્રોલ પ્રતિલીટર રૂ.૧૧૦.૫૨ અને ડીઝલ રૂ.૯૫.૪૨ નાં ભાવે મળી રહ્યું છે. જેનાથી આમ જનતા ભયાનક હાડમારી અને હેરાનગતિ ભોગવી રહી છે. દરેક રાજ્યોમાં અલગ- અલગ ભાવસપાટી જોવા મળી રહી છે. રાજ્યોનાં સ્થાનિક વેરા મુજબ ભાવ વધી જતા હોય છે. રશિયા અને યુક્રેનનું યુધ્ધ ભારત સહિત વિશ્વનાં અર્થતંત્ર માટે માથાનો દુઃખાવો બની ગયું છે. કેમકે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલની કિંમતોમાં ભડકો થયો છે અને અત્યાર સુધીનાં સૌથી વિક્રમી એવા પ્રતિબેરલ ૧૩૯ ડોલર જેવો આકરો ભાવ થઇ ગયો છે. જેની સીધી અસર ભારતમાં ઇંધણની ભાવસપાટી પર થઇ રહી છે. નિષ્ણાંતો માને છે કે ઇંધણની ભાવસપાટી હજુ અટકવાની નથી.(૨.૧૨)

# રખડતા પશુઓ અંગેનો કાયદો અટકાવો

## બેડીપરાના કનૈયા ગ્રુપ દ્વારા મુખ્યમંત્રી સુધી રજૂઆત



(તસવીરઃ દિલીપ ગોહેલ)

### શહેરમાં પશુને રાખવા માટે લાયસન્સ, પશુ માલિકને જેલ અને દંડની સજા વગેરે સામે વિરોધ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

શહેરમાં રખડતા પશુઓ અંગેના કાયદો લાવવા સરકારે ગતિવિધિ ચાલુ કરી હોવાનું ધ્યાને આવતા બેડીપરાના કનૈયા ગ્રુપ દ્વારા મુખ્યમંત્રી સુધી રજૂઆત કરીને આવો કાયદો અટકાવવાની માંગણી કરી છે.

રજૂઆતમાં જણાવ્યું છે કે, ગાયને રાખવા માટે લાયસન્સની જોગવાઈ તેમજ માલિકો ઉપર જેલ અને મોટી રકમનો દંડ થશે તેવું બિલ રજૂ થવા જઈ રહ્યું છું. ખ્યાલ છે કે અમુક અકસ્માત થઈ રહ્યા છે. પરંતુ એ ના કારણે બધીજ ગાયોને સજા કરવી યોગ્ય નથી. રાત દિવસ ગાય માતાની સેવા કરતો સમાજ તેના પરિવારનું ગુજરાન તેનાથી જ ચલાવે છે. હવે ગૌચર તો રહ્યા નથી તો તે ગાયો લઈને જાય તો ક્યાં ? આવા કાયદા લઈને ગાય માતાની પ્રત્યે લાગણીની ભાજપ સરકારની ઈમેજ છે જે ખરડાઈ જશે. તો પેહલા પશુપાલકોને યોગ્ય જગ્યા ફાળવી સમસ્યાનો નિકાલ કરવો જોઈએ. આવા અઘરા કાયદા લાવી તેમને આર્થિક રીતે કંગાળ કરશો નહીં. વધુમાં જણાવ્યું છે કે, એખલાની લડાઈમાં વૃદ્ધનો જીવ ગયો, ખૂબજ દુઃખ થયું, તેમના પરિવાર સાથે પુરી સંવેદના છે. પરંતુ દુજણી ગાયો જ પકડો છો એટલે દંડની આવક થાય. પકડવા હોઈ તો આખલાને પકડો, મનપાનો સ્ટાફ આખલાઓ નથી પકડતો અને તેજ આ બધા અકસ્માત કરતા હોઈ છે. થોડા દિવસ ફક્ત આખલા પકડ ઝુંબેશ ચલાવો, કે પછી તેને છોડાવવા દંડ કોઈ ને ભરે એટલે તેની અવગરણા થાય છે? દંડમાં રસ છે કે યોગ્ય નિકાલમાં ? માલધારી વસાહત વગર કોઈ ઉકેલ નથી. તેમ આવેદનપત્રમાં જણાવ્યું છે.

---

### ગૃહ રાજયમંત્રીને સંબોધીને કલેકટરને રોષભેર રજૂઆત

# સ્વ.તૃષા હત્યાકાંડ મુદ્દે કરણીસેનાનું આવેદનપત્ર



### ફાસ્ટ ટ્રેક ફોર્મમાં કેસ ચલાવીને હત્યારાને ફાંસીની સજા આપવા, પીડિતાના પરિવારને સહાય અને નોકરી આપવા માંગ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

રાજકોટમાં આજે રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાએ ગૃહમંત્રી હર્ષ સંઘવીને સંબોધતું આવેદનપત્ર કલેક્ટરને સુપરત કરીને જણાવ્યું હતું કે, વડોદરાના ધનિયાવી ગામની સીમમાં ૧૯ વર્ષીય સ્વ. તૃષા બેન સોલંકીનો અત્યંત ક્રૂરતાપૂર્વક હત્યા કરેલો મૃતદેહ મળી આવ્યો હતો. જમણો હાથ કોણીના ભાગેથી કપાયેલો હતો. મોઢાના ભાગે તીક્ષ્ણ હથિયારના અસંખ્ય ઘા હતા. મૂળ ગોધરાના શામલી ગામની સ્વ.તૃષાબેન પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષા પાસ કરી અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી હતી. ૨૨ તારીખે બનેલી સ્વ.તૃષાબેનની હત્યા ની ઘટના તેમજ પહેલા સ્વ.ગ્રીષ્માબેન વેકરીયાની હત્યાનો કેસ... ક્યારેક જેહાદના નામે કિશનભાઈ ભરવાડ જેવા યુવાનની હત્યા. શું આ પ્રકારના આરોપીઓ એવું સાબિત કરવા માંગે છે કે, ગુનેગારોમાં કાયદાઓ કે તંત્રનો ડર નથી? એવો સવાલ ઉઠાવીને આવેદનપત્રમાં આક્રોશ ઠાલાવ્યો છે કે, આ તમામ કરપીણ હત્યાની ઘટનાઓને માત્ર બે મહિના જેટલો સમયગાળો થયો છે. સ્વ.તૃષાબેન સોલંકીની કરપીણ હત્યા તા.૨૨-૩-૨૦૨૨ ના બની. આરોપી કલ્પેશ ઠાકોરને પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી લીધોએ બદલ પોલીસ તંત્રને ધન્યવાદ અને અભિનંદન પાઠવીએ છીએ.

પરંતુ, કયાં સુધી સ્વ.તૃષાબેન જેવી બહેનોની હત્યાઓ થશે? માંગ છે કે, સ્વ.તૃષાબેન નો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવામાં અને સિઘ્ર અતિ સિઘ્ર ફાંસીની સજા આપવામાં આવે તેમજ વિધાનસભામાં સરકાર દ્વારા આ પ્રકારના કેસોને ધ્યાનમાં લઈ વિશેષ કાયદો બનાવવામાં આવે કે જેથી ભવિષ્યમાં આ પ્રકારની કોઈપણ ઘટના બને અને ક્યાર સુધી આપડે આવા નરાધમો ગિરફતાર કરીશું એના કરતા સીધું એન્કાઉન્ટર કરી દાખલો બેસાડવાની આવશ્યકતા છે. આ નરાધમોને કાનૂનની બીક છેજ નથી તો સા માટે ગિરફતારી, કાનૂની પ્રક્રિયા, એન્કાઉન્ટર એજ વિકલ્પ જેથી ભવિષ્યમાં આ પ્રકારની માનસિકતા ધરાવતા ગુનેગારો ગુનો કરતા પહેલા ૧૦૦૦ વાર વિચારે!

અંતમાં જણાવ્યું છે કે, પીડિતાના પરિવારને ન્યાય મળે એવી અમારી રજૂઆત છે. જે પ્રમાણે (૧) આ કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવી સિઘ્ર અતિશીઘ્ર નરાધમને ફાંસી આપવામાં આવે. (૨) પીડિતાના પરિવારને સરકાર દ્વારા સન્માનજનક આર્થિક સહાય મળે. (૩) પીડિતાના પરિવારના એક વ્યકિતને સરકારી નોકરી આપવામાં આવે તથા (૪) નિષ્પક્ષતાપૂર્વક તપાસ કરી અન્ય કોઈપણ આરોપી સાથે સ્વ.તૃષાબેનની હત્યામાં સંડોવાયેલ હોય તેને પણ સજા મળે એવી માંગણી છે.

---

# બ્રહ્મસમાજ સેવા સંગઠનની વાલી મિટિંગ સંપન્ન



### ૧૧ બટુકોને જનોઈ અને 'એક દાદા હો દીકરી'ના લગ્નોત્સવ અંગે ચર્ચા કરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

અખિલ ભારતીય સમસ્ત બ્રહ્મસમાજ સેવા સંગઠન રાજકોટના અધ્યક્ષસ્થાને ૧૧ બટુકોને જનોઈ અને એક દાદા હો દીકરીના લગ્નોત્સવ નિમિતે હળવદ બ્રાહ્મણ બોર્ડીંગ, રાજકોટ ખાતે એક વાલી મિટિંગનું આયોજન કરવામાં આવેલું હતું.

જે મિટિંગના અધ્યક્ષસ્થાને માધવીબેન ઉપાધ્યાય, પ્રમુખ ભાર્ગવી ભટ્ટ, જયશ્રીબેન ક્ષોત્રીય, ધારાબેન ઉપાધ્યાય, શ્રુતીબેન જોષી, વિભાબેન જોક્ષી, ચેતનાબેન જોષી, ગીતાબેન જોષી, ધ્રુતીબેન જોષી, આરતીબેન જાની, સંગીતાબેન અધ્યારૂ રીનાબેન વ્યાસ, ઈલાબેન વ્યાસ, દિપાલીબેન ઉપાધ્યાય (હંજ), ગીતાબેન હિતેશભાઈ જોષી, કૃપાલી હિતેશભાઈ જોષી, દાદા હો દીકરીના વાલી ઉમેશભાઈ લોઢવીયા, માલતીબેન લોઢવીયા તથા ૬૦ વાલીઓ ઉપસ્થિત રહેલ હતા.

જેમાં પ્રમુખ જે.ડી. ઉપાધ્યાય, ઉપપ્રમુખ રાહુલભાઈ ક્ષોત્રીય, માર્ગદર્શક એડવોકેટ અને નોટરી જયેશભાઈ જાની, ભરતભાઈ પંડયા (ધારેશ્વર મંદિરના ટ્રસ્ટી), બીપીનભાઈ ભટ્ટ વગેરે ઉપસ્થિત રહેલ હતા. વ્યવસ્થાના ભાગરૂપે જમવાના પાસ વગર કોઈપણ વ્યકિતને પ્રવેશ આપવામાં આવશે નહીં. વધુ વિગત માટે જે.ડી. ઉપાધ્યાય (મો.નં. ૯૮૨૪૯૧૩૧૮૬) ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

---

# કણસાગરા કોલેજની વિદ્યાર્થીની જુડો ચેમ્પિયન

### ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી જુડો સ્પર્ધામાં ચિ.જહાનવી વિજેતા, દેશમાં ટોપ-આઠમાં સ્થાન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

ગત તા.૨૧/૩/૨૨ થી ૨૪/૩/૨૨ ના રોજ ઉત્તર પ્રદેશના કાનપુર ખાતે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી જુડો સ્પર્ધાનું આયોજન થયેલું. જેમાં સમગ્ર દેશમાંથી જુડો સ્પર્ધાના ખેલાડીઓ જોડાયેલ હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી બહેનોના વિભાગમાં ૪૮ કિલો વર્ગમાં એક માત્ર ખેલાડી એટલે કે આહીર જહાનવી નિર્મળભાઈ મહેતાની પસંદગી થઈ છે. કણસાગરા કોલેજ રાજકોટ ખાતે ટી.વાય. બી.એ.માં અભ્યાસ કરતી જહાનવી ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી જુડો ચેમ્પિયનશીપ ૨૦૨૨માં પસંદ થઈ છે. આગામી સમયમાં નેશનલ ચેમ્પિયનશીપમાં રમવા બેંગલોર મૂકામે જશે. ચિ.કુ. જહાનવીને ખૂબ ખૂબ શુભેચ્છાઓ અપાઈ રહી છે. જેમણે માત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી જ નહીં સમગ્ર ગુજરાત તથા આહીર સમાજનું ગૌરવ વધાર્યું છે. સમગ્ર દેશમાં ટોપ આઠમાં સ્થાન મેળવી ગૌરવ વધારનાર ચિ. જહાનવીને શુભ આશિષ પણ પાઠવવામાં આવી રહ્યા છે.

---

### પારિવારિક વ્યવસાય વિશે ઉદ્યોગ સાહસિકો સાથે ચર્ચા થશે

# આત્મીય યુનિવર્સિટીમાં બીજી એપ્રિલે ફેમિલી બિઝનેસ કોન્ફરન્સ

### નરેશ પટેલ, ચંદુભાઈ વિરાણી, શાલુ જીંદાલ, ગ્રીનીજ હરિય, પ્રતિમા કિર્લોસ્કર સહિતના મહાનુભાવો ભાગ લેશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

ફેમિલી બિઝનેસ સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકોની સફળતામાંથી નવી પેઢીને માર્ગદર્શન મળે તેવા હેતુથી આત્મીય યુનિવર્સિટી ખાતે તા.બીજી એપ્રિલે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. ફેકલ્ટી ઓફ બિઝનેસ એન્ડ કોમર્સ દ્વારા આયોજીત આ કોન્ફરન્સમાં જાણીતાં ઉદ્યોગ ઘરાનાઓના પ્રતિનિધિઓ સામેલ થવાના છે. જેમાં કિર્લોસ્કર બ્રધર્સ લિમિટેડનાં પ્રતિમા કિર્લોસ્કર, એચ.ઇ.સી. પેરિસનાં વોલ્ફગેંગ અમાન, એન્ટરપ્રિનરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યુટનાં ડાયરેક્ટર પ્રો. સુનિલ શુક્લ, યુ.એન. ગ્લોબલ કોમ્પેક્ટપ્રો. મેટ મોર્સિંગ સહિતના લોકો ભાગ લેશે. ફેમિલી બિઝનેસનાં સફળ મોડેલ્સ માટે નામાંકિત વિદ્વાન અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રો. હિતેશ શુક્લ, ફેમિલી બિઝનેસ રિસર્ચર અને એડવાઈઝર આ કોન્ફરન્સમાં કી નોટ વક્તવ્ય આપશે.આ કોન્ફરન્સમાં ઓપી જીંદલ ગ્લોબલ યુનિ.ના પ્રો. પંકજ ગુપ્તા, જીંદલ આર્ટ ઈન્સ્ટિટયુટનાં શાલુ જીંદલ, બ્લીટ્ઝ ઈન્ડિયાના એડિટર ઇન ચીફ દિપક દ્વિવેદી, હ્યુમેનીસ્ટિક મેનેજમેન્ટ નેટવર્ક સ્વિત્ઝરલેન્ડનાં ડો. એન્સ્ટ વોન કિમાકોવિત્ઝ, બોમ્બે સ્ટોક એક્સચેન્જના અજય ઠાકુર, આઈ.આઈ. એચ.એમ.આર. યુનિવર્સિટીનાં ડો. શિનુ જૈન, યુ.એન. ફૂડ પ્રોગ્રામના પૂરણચંદ્ર પાંડે, ભારતના મોરેશિયસ ખાતેના પૂર્વ રાજદૂત અનુપ મુદગલ, યુનિ. ઓફ એપ્લાઈડ સાયંસિઝ સ્વિત્ઝરલેન્ડના ક્રિશ્ચિયન હાઉઝર, નરેશભાઈ પટેલ-ચેરમેન ખોડલધામ, બાલાજી વેફર્સનાં મેનેજિંગ ડાયરેકટર ચંદુભાઈ વિરાણી, ફાલ્કન ગ્રુપના કમલનયન સોજીત્રા, ઇમ્પેકસ પ્રોલિફિકનાં ગ્રીનીજ હરિયા, ઉદ્યોગ સાહસિકતા અંગેના જાણીતાં સલાહકાર ડો. પલ્લવી ચૌધરી અગ્રવાલ, દિગ્જામ ગ્રુપના અજયકુમાર અગ્રવાલ, ઓર્બીટ બેરિંગ્સના પંકજભાઈ પટેલ, પટેલ સમાજ અગ્રણી રમેશભાઈ ટીલાળા, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સનાં વી.પી.વૈષ્ણવ, હીરા ઉદ્યોગમાંથી રૂડા ભગત, હોટેલ ક્ષેત્રના ભરતભાઇ વાઘેલા, શિપિંગ ઈન્ડસ્ટ્રીઝમાંથી લાલવાણી સહિતના વિદ્વાનો અને ફેમિલી બિઝનેસીઝ સાથે સંકળાયેલા સાહસિકો ભાગ લેવાના છે.

આ કોન્ફરન્સને સફળ બનાવવા આત્મીય યુનિવર્સિટીનાં પ્રો-ચાન્સેલર ડો. શીલા રામચંદ્રન, કુલપતિ ડો. શિવ ત્રિપાઠીનાં માર્ગદર્શનમાં ડો. વિશાલ ખાસગીવાલ, ડો.દિવ્યાંગ વ્યાસ, ડો.આશિષ કોઠારી સહિતના અધ્યાપકો અને અધિકારીઓ તેમજ વિદ્યાર્થીઓ જહેમત ઉઠાવી રહ્યા છે. આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લેવા ઈચ્છુક લોકોએ રજીસ્ટ્રેશન માટે પ્રો. દિવ્યાંગ તિવારી (મો. ૯૦૯૯૦ ૭૬૧૪૭)નો સંપર્ક કરવો.

---

# IMC ની કો-ઓપ્ટ કારોબારી સમિતિમાં ચેમ્બરના પ્રમુખ વી.વી.વૈષ્ણવની નિમણૂંક



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

રાજકોટ ચેમ્બર મુંબઈ સ્થિત IMC ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં સભ્યપદ ધરાવે છે. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨ માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવની કો-ઓપ્ટ કારોબારી સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. IMC ની કો-ઓપ્ટ કારોબારી સમિતિમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવને સ્થાન મળવાથી રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારોના પ્રશ્નોને ખુબ જ મહત્વ સાથે વાચા મળશે. તમામ વેપાર-ઉદ્યોગકારોને તેઓને ઉદ્ભવતા પ્રશ્નો કે સુચનો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા પણ અનુરોધ કરવામાં આવે છે. જેથી તેની ઉચ્ચ લેવલે રજૂઆત કરી યોગ્ય નિરાકરણ લાવી શકાય. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

# જસદણમાં નિઃસ્વાર્થ સેવા ટ્રસ્ટ દ્વારા બીજી વર્ષ ગાંઠે સન્માન સમારોહ યોજાયો

### દાતાઓ સહિત ૬૩ સહયોગીઓને સન્માનિત કરાયા




**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**
જસદણ, તા. ૩૦

જસદણ શહેરમાં કોરોના કાળથી અવિરત અને પ્રસંશનીય સેવાકાર્ય કરતી જસદણ શહેરની બિન રાજકીય સંસ્થા નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણની દ્વિતીય વર્ષગાંઠ નિમિત્તે રામાણી જનરલ હોસ્પિટલ જસદણના ખ્યાતનામ સર્જન ડો. દીપક રામાણીના સંપૂર્ણ સહયોગના ભાગરૂપે સેવા સહયોગ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. નિઃસ્વાર્થ સેવાયજ્ઞમાં સહયોગ આપનાર ૧૫ ડોકટરો, ૩૩ દાતાઓ અને સહયોગીઓ તેમજ ૧૫ પત્રકારો સહિતના ૬૩ સહયોગીઓને ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળીયા, ઈન્ચાર્જ અધિક્ષક ડો. કે.એન.બથવાર, રામાણી જનરલ હોસ્પિટલના ખ્યાતનામ સર્જન ડો.દીપક રામાણી, ડો.વિશાલ શર્મા, ડો.મિતુલભાઈ કળથીયા, ડો.જૈનીસ પટેલ, ડો.ભરત ભેટારીયા, ડો.મયુર ભુવા, ડો.વિશાલ ભાયાણી, ડો.ધવલ ગોંસાઈ, પૂર્વ ધારાસભ્ય ભોળાભાઈ ગોહેલ, અગ્રણી ઉદ્યોગપતિ વિઠ્ઠલભાઈ સિદ્ધપરા (શેઠ), ઈમરાનભાઈ ખિમાણી, પી.આઈ. કે. જે રાણા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ભરતભાઈ છાયાણી, ઉપપ્રમુખ દિપુભાઈ ગીડા, પાંચાળ વિકાસ બોર્ડના પ્રમુખ વિનોદભાઈ વાલાણી, રઘુભાઈ કાકડીયા, લાલાભાઈ ઠુંમર, સંજયભાઈ સખિયા તેમજ ટ્રસ્ટના ટસ્ટીઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણના પ્રમુખ મેહુલભાઈ એસ. સંઘવીએ સ્વાગત પ્રવચન સાથે ટ્રસ્ટ દ્વારા બે વર્ષ ચાલતા સફળ સેવાકાર્યોથી સૌને અવગત કરાવી દાતાઓ અને સહયોગીઓનો આભાર માની સરકારી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા તમામ દર્દીઓને મદદરૂપ થવા માટે પૂરતી તૈયારી દર્શાવી હતી.

---

# તબીબી પ્રોફેસરોના પડતર પ્રશ્નો અંગે ઉકેલ ન આવતા ૪ એપ્રિલથી અચોક્કસ મુદ્દતની હડતાલની ચીમકી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

ગુજરાત રાજયમાં તબીબી પ્રોફેસરોએ તેની પડતર ૧૮ માંગણી પ્રશ્નો અંગે ફરીવાર હડતાલ પાડવાની ચીમકી ઉચ્ચારી છે. ગુજરાત ગર્વમેન્ટ ડોકટર ફોરમે હડતાલ ઉપર જવાની ચીમકી ઉચ્ચારી છે. ગુજરાત સરકારે તબીબી અધ્યાપકોની માંગણી ન સ્વીકારતા તા.૪ એપ્રિલથી હડતાલ પાડવાની ચીમકી ઉચ્ચારી છે અને તેમાં ૧૦ હજાર તબીબો જોડાવાની શક્યતા છે. તબીબી અધ્યાપકોના પડતર પ્રશ્ના અંગે સરકાર સાથે વારંવાર બેઠકો અને ચર્ચા-વિચારણાના અંતે તમામ માંગણીઓનો સ્વીકાર કર્યા પછી પણ હજુ સુધી તેનો અમલ કરવામાં આવ્યો નથી. અગાઉ સરકાર સાથે થયેલી વાટાઘાટોમાં ૩૧મી માર્ચ સુધીમાં તમામ માંગણીઓના સ્વીકાર માટેનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. મહત્વની વાત એ છે કે, હજુ સુધી કોઇ માંગણીઓનો ઉકેલ આવ્યો નથી. જેના કારણે ગુજરાત ગવર્નમેન્ટ ડોકટર ફોરમ દ્વારા સરકારને આવેદનપત્ર આપીને પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાની લાગણી વ્યકત કરવાની સાથે આગામી ૪થી એપ્રિલથી અચોક્કસ મુદ્દતની હડતાલ પર જવાની ચીમકી આપવામાં આવી છે.

---

# ચેક રિટર્ન કેસમાં આરોપીએ બાકીની રકમ ચૂકવી સમાધાન કરી લીધું



એડવોકેટઃ અતુલ ફળદુ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

ઉછીના લીધેલા રૂપિયા ૪ લાખ પરત આપવાનો ચેક રિટર્ન કેસમાં નીચલી કોર્ટે ફટકારી ઉપલી કોર્ટે સજા માન્ય રાખ્યા બાદ હાઈકોર્ટમાં અપીલ કરીને આરોપીએ બાકીની રકમ ચુકવી દિને સમાધાન કરી લેવું પડ્યું હતું. આ કેસની વિગત એવી છે કે, રાજકોટના કાલાવડ રોડ, આંગન ગ્રીનસિટીમાં રહેતા મુકેશસિંહ રણજીતસિંહ જાડેજાએ મિત્રતા અને ઓળખાણનો સંબંધ ધરાવતા પ્રકાશભાઈ મોહનભાઈ ભેંસદડીયા (રહે. સતાધાર સોસાયટી, નાણાંવટી ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ) વાળાને ઉછીના પેટે રોકડા રૂપિયા ચાર લાખ આપેલા હતા. જેમ પરત આપવા પ્રકાશભાઈએ ચેક આપેલો હતો. જે ચેક રિટર્ન થતા ફરિયાદીએ રાજકોટની કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલી જતા સ્પેશીયલ નેગોશીયેબલ કોર્ટે આરોપી પ્રકાશભાઈ મોહનભાઈ ભેંસદડીયાને તકસીરવાર ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમ સાંઈઠ દિવસમાં ચુકવવી અને જો ન ચુકવે તો વધુ ૬ (છ) મહીનાની સજાનો હુકમ જાહેર કરેલ હતો. અને આરોપીને સજા ભોગવવા જેલહવાલે મોકલેલ હતો. ત્યારબાદ આરોપીએ રાજકોટની સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરતા સેશન્સ કોર્ટે ૨૦% રકમ જમાં કરાવ્યે જામીન આપેલ હતા. જે અપીલ ચાલી જતા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ પી. એન. દવેએ આરોપી પ્રકાશભાઈ મોહનભાઈ ભેંસદડીયાને નીચેની કોર્ટે કરેલ સજા માન્ય રાખતો ચુકાદો જાહેર કરેલ હતો.

ત્યારબાદ પ્રકાશભાઈએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જેમાં હાઈકોર્ટે જામીન માટે ૪૦% રકમ જમા કરાવવાનો હુકમ કરતા તે મુજબની રકમ કોર્ટમાં જમાં કરાવેલ અને બાકીની રકમ મુળ ફરીયાદીને ચુકવી સમાધાન કરી લીધું હતું. આ કેસમાં ફરિયાદી તરફે વકીલ અતુલ સી. ફળદુ રોકાયા હતા.

---

# બાંટવામાં શનિવારે ચેટીચાંદની ઉજવણી

### ઝુલેલાલ મંદિરે આરતી, મહાપ્રસાદ, શોભાયાત્રા, નાતજમણ વગેરેનું આયોજન

**(જીગ્નેશ પટેલ દ્વારા)**
માણાવદર, તા.૩૦

આગામી તા.૨-૪ ને શનિવારના રોજ સિંધી સમાજના ઇષ્ટદેવ એવા ભગવાન શ્રી ઝુલેલાલ જન્મજયંતિની માણાવદર તાલુકાના બાંટવા ગામમાં પણ ૨ વર્ષ પછી ભવ્ય ઉજવણી કરવાનું બાંટવા સમસ્ત સિંધી સમાજ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. આ દિવસે સવારે ૫ વાગે જુલેલાલ મંદિરે સવારે ૬ વાગે ઝુલેલાલ સાહેબના જન્મદિવસની કેક કાપીને આરતી અને પ્રસાદી આપી ઉજવણી કરવામાં આવશે. ત્યારબાદ શહેરના મુખ્ય માર્ગો પર ઝુલેલાલ



સાહેબની પાલકી તેમજ જુદા-જુદા ટ્રેક્ટરમાં આકર્ષક ફ્લોટ કાઢવામાં આવશે. બપોરે પટેલ બોર્ડિંગમાં સમસ્ત સિંધી સમાજ અને અન્ય સમાજ માટે જમણવાર પણ રાખવામાં આવેલ છે. આ તહેવાર ઉજવા માટે સમસ્ત સિંધી સમાજમાં અનેરો ઉત્સાહ છે અને યુવાનો દ્વારા ચેટીચાંદની ઉજવણીની તડામાર તૈયારી શરૂ કરી દીધી છે.



## જુલેશ્વર સેવા મંડળ અને સિંધી સમાજ સેવા સમિતિ દ્વારા આયોજન

# સિંધી સમાજ દ્વારા શનિવારે ચેટીચાંદ ઉજવાશે

### ઈષ્ટદેવ શ્રી જુલેલાલ ભગવાનની ૨૧ ફૂટની પ્રતિમા આકર્ષણનું કેન્દ્ર બનશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

સમગ્ર સિંધી સમાજના ઈષ્ટ દેવ શ્રી જુલેલાલ ભગવાનની જન્મ જયંતિ નિમિતે શનિવારના રોજ સિંધી સમાજના નવા વર્ષની ભવ્ય ઉજવણી જંકશન પ્લોટમાં કરવામાં આવશે. સમગ્ર સિંધી સમાજના ઈષ્ટદેવ શ્રી જુલેલાલ ભગવાનની ૧૦૭૨ મી જન્મજયંતિ નિમિતે સિંધી સમાજનું નવું વર્ષ (એટલે ચેટીચાંદ) મનાવવામાં આવે છે. ઈષ્ટ દેવ શ્રી જુલેલાલ ભગવાનના જન્મજયંતિ દિવસે નવા વર્ષને આવકારવા તેનું આયોજન કરવા સમગ્ર સિંધી સમાજના વડીલો, ભાઈઓ, બહેનોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે.

આ ભવ્ય આયોજનમાં બાળકો માટે વિવિધ રમત-ગમતનું આયોજન કરવામાં આવેલ છે તેમજ ઈષ્ટદેવ શ્રી જુલેલાલ ભગવાનની ભવ્ય ૨૧ ફુટ ઉંચી પ્રતિમાનું દર્શન થશે. આ ભવ્ય આયોજનમાં સિંધી ભકિત સંગીત, તેમજ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ ડી.જે.ના સથવારે મ્યુઝીકલ પાર્ટીનું આયોજન કરવામાં આવેલ છે.

સિંધી સમાજના સંતો-મહંતો અને ગોર મહારાજના હસ્તે શ્રી જુલેલાલ ભગવાનના અભિષેક કરી મહાઆરતી કરવામાં આવશે. આ ભવ્ય આયોજન આખો દિવસ નિરંતર ચાલુ રહેશે.તેમજ પ્રસાદ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે, શનિવારે સવારે ૪ વાગ્યે શ્રી જુલેલાલ ભગવાનને અભિષેક કરાશે અને સાંજે ૭ વાગ્યે મહાઆરતીનું આયોજન કરવામાં આવશે.

જેમાં સિંધી સમાજના લોકોએ પોતાના ધંધા-રોજગાર બંધ રાખી મહાઆરતીનો લાભ લેવા વિનંતી કરવામાં આવી છે. આ પ્રસંગે સંતો-મહંતોને પધારવા ભાવભર્યુ આમંત્રણ આપવામાં આવી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા જંકશન પ્લોટ, ગાયકવાડી પ્લોટ, વેપારી મંડળનો પણ ખુબ સહયોગ મળેલ છે.

આ પ્રસંગે સિંધી સમાજની ૪૦ વર્ષ જુની સંસ્થા-સિંધી સુરક્ષા સેના, ફરી પાછી જુની પ્રણાલીકા મુજબ હોદ્દેદારો અને કાર્યકરોની નિમણૂંક કરી ફરી આ સંસ્થાનો શુભારંભ કરવામાં આવશે. શનિવારના રોજ સમગ્ર સિંધી સમાજના ભાઈઓ, બહેનો, વડીલોને જંકશન પ્લોટ ચોકમાં પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા શ્રી જુલેશ્વર સેવા મંડળ, તેમજ સિંધી સમાજ સેવા સમિતિના હોદ્દેદારોએ જહેમત ઉઠાવેલ છે . જેમાં જંકશન પ્લોટ, ગાયકવાડી વેપારી મંડળનો પણ સહયોગ મળેલ છે.

# રીક્ષા પાર્ક કરવા મુદ્દે થયેલા ખૂની કેસમાં સંડોવાયેલા મહિલા સહિત ત્રણ આરોપીને જામીન ઉપર મુકત કરવા ડિસ્ટ્રિકટ કોર્ટે હુકમ



એડવોકેટ: જીજ્ઞેશ સભાડ



એડવોકેટ: રણજીત મકવાણા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

આ કેસની હકીકત મુજબ ગંજીવાડામાં રહેતા રાણીબેન ધીરુભાઈ રાઠોડના જમાઈ તેમના ઘરે વેકેશન કરવા આવ્યા હતા ત્યારે પાડોશમાં રહેતા સોમજી ડાભી અને તેમના પરિવાર સાથે રીક્ષા પાર્ક કરવા બાબતે ઝઘડો થયો હતો ઝઘડામાં ઉશ્કેરાયેલાં સોમજીભાઈ નાનજીભાઈ ડાભી, વિપુલ સોમજીભાઈ ડાભી, મહેશ સોમજીભાઈ ડાભી અને મંજુબેન સોમજીભાઈ ડાભીએ રાણીબેન રાઠોડના પુત્ર અજય ધીરૂભાઈ રાઠોડ અને જમાઈ અશોક એંધાણી ઉપર જીવલેણ હુમલો કર્યો હતો.

જેમાં ગંભીર રીતે ઘવાયેલા અશોક એંધાણીનું મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. આ અંગે રાણીબેન રાઠોડે થોરાળા પોલીસ મથકમાં હત્યાનો ગુનો નોંધાવ્યો હતો પોલીસે ફરિયાદના આધારે મહિલા સહિત ચારેય આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા જેલ હવાલે રહેલા આરોપી મહેશ ડાભી, સોમજી ડાભી અને મંજુબેન ડાભીએ જામીન મુકત થવા પોતાના એડ્વોકેટ મારફત ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જામીન અરજી કરી હતી જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોના રજૂઆતો અને દલીલોને ધ્યાને લઇ ડિસ્ટ્રિકટ કોર્ટે મહિલા સહિત ત્રણેય આરોપીઓને જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીઓ વતી યુવા એડવોકેટ રણજીત બી. મકવાણા અને જીજ્ઞેશ એમ. સભાડ રોકાયા હતા.

## દશા સોરઠીયા વણિક સાંગાણી પરિવારના દ્વારા

# સુરાપુરાની દેરીએ હવન અને ધજાજીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

અમરેલી જિલ્લાના બાબરા નજીક આવેલ વાવડી-ઘૂઘરાળાની સીમમાં દશા સોરઠીયા વણિક સમાજના સમસ્ત સાંગાણી પરિવારના સુરાપુરાબાપા (અવચળ બાપા) ની દેરીના જીર્ણોદ્ધારના આરંભ માટે ખાતમુહૂર્ત કરીને કાર્ય ચાલુ કરેલ. સુરાપુરા બાપા માટે એક સુંદર અને ભવ્ય ઈમારતનું નિર્માણકામ પૂર્ણ થતા વાસ્તુ-હોમહવન અને ધ્વજા આરોહણનો કાર્યક્રમ વાજતે ગાજતે બાપાની દેરીએ યોજાયો હતો.

આ શુભ પ્રસંગે દેશ-વિદેશમાંથી સાંગાણી પરિવારના સભ્યો દેરીના જીર્ણોદ્ધાર પ્રસંગે યોજાયેલ હવન તેમજ ધ્વજા આરોહણમા ૫૦૦ થી વધુ ઉપસ્થિત રહ્યા હતા અને મહાપ્રસાદનો આનંદ લીધો. આ ભગીરથ કાર્ય માટે અનેક લોકોએ તન, મન અને ધનથી પોતાનો સહકાર આપ્યો હતો, તેમજ અન્ય જ્ઞાતિના લોકોએ પણ મદદ કરી હતી. આ ભગીરથ કાર્ય માટે નિમાયેલી વર્કિંગ કમિટીના દરેક સભ્યોએ તથા કુટુંબી પરિવારજનોએ તેમનાથી શકય સહકાર, બીજા પાસેથી જ્ઞાન અને માહિતી મેળવીને પૂરો પાડયો હતો.

કાર્ય માટે જરૂરી ફંડ પરિવારજનોએ છલકાવી દીધેલ જે સમગ્ર સાંગાણી પરિવાર માટે ઘણી અહોભાગ્યની વાત ગણાય. અપેક્ષા કરતા પણ ડબલ ફંડ-ફાળો દેશ-વિદેશ રહેતા પરિવારજનો તરફથી મળ્યો હતો. આમ, સાંગાણી પરિવારના સુરાપુરા બાપાશ્રીની દેરીના જીર્ણોદ્ધારનો કાર્યક્રમ સંપૂર્ણ શુદ્ધ શાંતિ અને આનંદ-ઉમંગથી હર્ષોલ્લાસના વાતાવરણમાં પૂર્ણ થયેલ.

## કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા

# NSS ની શિબિર સાંગણવા ગામે યોજાઇ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

જે. જે. કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ઉપક્રમે લોધીકા તાલુકાના સાંગણવા ગામે NSS ની શિબિર યોજાઇ સાંગણવા ગામે શિબિરમાં કોલેજના ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



શિબીર ઉદ્દઘાટક મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અલ્પનાબહેન ત્રિવેદી, તેમજ મુખ્ય મહેમાન તરીકે સિન્ડિકેટ સભ્ય હરદેવસિંહ જાડેજા, ડો. મહેશભાઇ ચૌહાણ, ડો. રાજેશ કાલરીયા, ડો. ધરમ કાંબલિયા ઉપસ્થિત રહ્યા અતિથીવિશેષપદે સાંગણવા ગામના સરપંચ કૌશીકભાઇ રાખૈયા, ઉપ-સરપંચ નરેન્દ્રસિંહ જાડેજા, છગનભાઇ દેસાઇ, શકિતસિંહ જાડેજા, સિધ્ધરાજસિંહ જાડેજા, છગનભાઇ પટોરીયા, બિપીનભાઇ દેસાઇ, ખીમજીભાઇ કોરાટ, ભરતભાઇ દેસાઇ, વિગેરે મહાનુભાવો તેમજ કોલેજના પ્રિન્સિપાલ ડો. યજ્ઞેશભાઇ જોષી, પ્રાથમિક શાળા સાંગણવાના આચાર્ય સુભાષભાઇ રાઠોડ ઉપસ્થિત રહ્યા.

તા. ૨૦ માર્ચ રાજકોટની સેવાભાવી સંસ્થા બજરંગ મિત્ર મંડળ દ્વારા સાંગણવા ગામે NSS ના વોલીયેન્ટર તથા કાર્યકરોના સહયોગથી સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું જેમાં ૨૫૦ જેટલા દર્દીઓએ લાભ લઇને નિઃશુલ્ક નિદાન તેમજ નિઃશુલ્ક દવા મેળવી સર્વરોગ નિદાન કેમ્પમાં ડો. કેતન ભીમાણી ડો. શ્રધ્ધાબેન નાગવડીયા, ડો. પ્રવિણ બેડીયા, ડો. મનીષભાઇ વસાણી, ડો. કિશોરભાઇ પારેખ, ડો. રત્નાબહેન મહેશ્વરીએ સેવા આપી બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટના ટ્રસ્ટી કે. ડી. કારીયા, ધૈર્યભાઇ રાજદેવ, ગોરધનભાઇ લાલસેતા, રોહિતભાઇ કારીયા વિગેરે એ જહેમત ઉઠાવી હતી.

હોમીયોપેથી સારવાર અંગે ડો. માધવીબહેન, ડો. દિક્ષીતભાઇ પારેખ માર્ગદર્શન વ્યાખ્યા યોજાયું શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, રંગપુરણી હરિફાઇ, સુશોભન સ્પર્ધા, યોજાઇ જેમાં પ્રાથમિક શાળા સાંગણવાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો રોકડ તેમજ ભેટ સ્વરૂપે ઇનામો અપાયા હતા. જાણીતા લોક ગાયક ઉમેદભાઇ ગઢવી, લખન ગઢવી, નિતીન ગલઢવી અને તેમની ટીમે લોકડાયરા દ્વારા ગ્રામજનો-વિદ્યાર્થીઓનું મનોરંજન કર્યું તેમજ માહિતી ખાતા દ્વારા લોકગાયક સાહિત્યકાર પ્રવિણદાન ગઢવી દ્વારા ‘બેટી બચાવો બેટી પઢાવો’ અભિયાનની વાત તેમજ સમાજ સુરક્ષા માટેની વિવિધ યોજનાઓ અંગેની માહિતી ગ્રામજનો તથા વિદ્યાર્થીઓ દ્વારા તળપદી શૈલીમાં આપવામાં આવી હતી.

## ઈન્ડિયન ડ્રેગન સ્કૂલ ઓફ માર્શલ આર્ટસની તાલીમની ફળશ્રુતિ

# ઓપન ગુજરાત કરાટે સ્પર્ધામાં રાજકોટનો દબદબો

### ૧૫ તાલીમાર્થીએ ભાગ લઈને તમામ કેટેગરીમાં પ્રથમ ત્રણેય ક્રમાંક પર કબ્જો જમાવી ૧૨ ગોલ્ડ, ૫ સિલ્વર, ૯ બોન્ઝ મેડલ મેળવ્યા





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

ઈન્ડિયન ડ્રેગન સ્કુલ ઓફ માશેલ આર્ટ્સ રાજકોટ ગુજરાતએ ઈન્સ્ટિટયુટ ઓફ શોતોકાન કરાટે યુનાઈટેડ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થા છે. આ સંસ્થામાંથી ૧૫ સ્ટુડન્ટે જામનગરમાં આયોજીત ત્રીજા ઓપન કરાટે ગુજરાત સ્ટેટ ચેમ્પિયનશીપમાં ભાગ લીધો હતો કે જે તા.૨૭ માર્ચ, ૨૦૨૨ નાં હરીયા ગ્લોબલ સ્કૂલ ખાતે યોજાઈ હતી . જેમાં ૧૨ ગોલ્ડ, ૫ સિલ્વર તેમજ ૯ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી કલાસનું, પોતાનું તેમજ સેન્સેય સોની હર્ષિલકુમાર વૈઠા કે જે વાઈસ પ્રેસીડેન્ટ ગુજરાત તેમજ ૪થી ડેન (ડીગ્રી) બ્લેક બેલ્ટ જાપાન તેની સાથે "A" ગ્રેડ રેફરીનું ગૌરવ વધાર્યું છે.

આ સંસ્થામાં ઘણાં વિદ્યાર્થીઓને કરાટે તાલીમ તથા આત્મરક્ષણનાં હથીયારની ટ્રેનીંગ કેમ્પ અને બહેનોને આત્મરક્ષણની તાલીમ પણ આપવામાં આવે છે કે જેની આક પરિસ્થિતી નબળી હોય તેવા જરૂરીયાતમંદ અને માશેલ આટ્ર્સ શીખવાની ઈચ્છા ધરાવતા છોકરા-છોકરીઓને નિ:શુલ્ક તાલીમ આપવામાં આવે છે. વધુ માહિતી માટે મો. ૯૯૯૮૭૭૩૪૪૩ અથવા ૮૦૦૦૬૧૧૮૦૯ સંપર્ક કરવા અપીલ કરાઈ છે.

# દલીત સાહિત્ય અકાદમીમાં ચમનભાઈ પરમારની વરણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦



ભારતીય દલિત સાહિત્ય અકાદમીના ચેરમેન સુમન દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાતના દાતા ચમનભાઈ પરમારને ૮ જિલ્લાના પ્રમુખ તરીકેની જવાબદારી આપી છે.

સૌરાષ્ટ્ર ઝોનના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. સુમન સાહેબ દ્વારા દલિત સાહિત્ય એકેડમીનું પુસ્તક પણ વિમોચન કરવામાં આવ્યું હતું. જેથી વાલ્મિકી સમાજમાં હર્ષને ખુશીનો માહોલ છવાયો છે.

# ઉનામાં નિઃશુલ્ક ચિકિત્સા કેમ્પ સંપન્ન

### સર્વરોગ નિદાન અને ડાયાબિટીશ તપાસણીનો ૧૮૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ઉના, તા.૩૦

ઉના શહેરના ભીમપરા વિસ્તાર માં નિયામક શ્રી આયુષની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા આયુર્વેદ અધિકારી વિજયસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ દવાખાનું, સનવાવ-બેડીયા-જશાધાર અને સરકારી હોમિ. દવાખાના-ઉના દ્વારા કોળી જ્ઞાતિના ચોરા, ભીમપરા, ઉના-તાલુકા મથક ખાતે સર્વરોગ તેમજ ડાયાબિટીશ માટે ફ્રી નિદાન ચિકિત્સા તથા વિવિધ લક્ષી કેમ્પનું આયોજન કરવામા આવેલ, જેમા સંવેદના ગ્રુપ તથા યુવા કોળી સમાજના પ્રદેશ પ્રમુખ રસીકભાઇ ચાવડા દ્વારા સહકાર પ્રાપ્ત થયેલ. કેમ્પ મા વૈધ સતીશ પડશાળા, સ.આયુ. દવાખાના-સનવાવ,વૈધ રાકેશ શાહ, સ.આયુ. દવાખાના-જશાધાર, વૈધ વિજય રાઠોડ, સ.આયુ. દવાખાના-બેડિયા,ડો સુરેશ રૂપાપરા, સ.હોમિયો. દવાખાના-ઉના,ડો રાજુ ભમ્મર, સ.હોમિયો.દવાખાના-સરખડી એ આ કેમ્પ માં ઉપસ્થિત રહી સેવા આપી હતી.

આ કેમ્પ મા ઉકાળા પેકેટ વિતરણ આયુ-૬૪,સંશમની વટી, ઘરઘર/રસોડાની ઔષધિનું માર્ગદર્શન, ઔષધિ પરિચય-પ્રદર્શન, ડાયાબિટીશ પત્રિકા વિતરણ/ચિકિત્સા, આર્સેનિક આલ્બમ વિતરણ, આયુ-હોમિયો નિદાન ચિકિત્સા નિશુલ્ક સેવાઓ આપવામાં આવેલ હતી. આ કેમ્પમાં કુલ ૧૮૦ થી વધુ દર્દીઓએ લાભ લીધેલ હતો.

# રાજકોટ લાઈવ રેડિયોની બીજી વર્ષ ગાંઠ

### ચાલુ અને છતીસગઢમાં ઉજવણી અંતર્ગત તા.૩ અને તા.૪ ના લાઈવ-શો પ્રસારિત થશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

ફેસબુક ઉપર છેલ્લા ૨ વર્ષથી ચાલી રહેલ રેડિયો ચેનલ રાજકોટ લાઈવ રેડિયોએ પોતાની બીજી વર્ષગાંઠની ઉજવણી આ વર્ષે છત્તીસગઢ રાજ્યમાં કરવા નિર્ણય કરેલ છે. મધુમાલા રેડિયો શ્રોતા સંઘ રાયપુરના અધ્યક્ષ મધુસુદન ભાલાધરે તથા છત્તીસગઢ રેડિયો શ્રોતા સંઘ કુમ્હારી જિલ્લા દુર્ગના અધ્યક્ષ પરસરામ સાહુના માર્ગદર્શન હેઠળ છત્તીસગઢ રાજ્યના અનેક શ્રોતામિત્રો આ ઉજવણીમાં ઉત્સાહભેર જહેમત ઉઠાવી રહેલ છે. ઉજવણીના ભાગ રૂપે તા.૩ એપ્રિલ રવિવારે સવારે ૧૧ કલાકે રાયપુરથી તથા તા.૪ એપ્રિલ સોમવારે રાત્રે ૯ કલાકે કુમ્હારી જિલ્લા દુર્ગથી લાઈવ શો પ્રસારિત થશે. જેમાં છત્તીસગઢના ગાયકોને સાથે લઈને ચેનલના પ્રસ્તુતકર્તા દિનેશ બાલાસરા રંગારંગ પ્રસ્તુતિ કરશે.

તા.૧ એપ્રિલે રાજકોટથી રાયપુર જવા પ્રસ્થાન કરી રહેલ દિનેશ બાલાસરાને (મો.૯૦૬૭૫ ૧૯૭૭૬) એમનાં શુભચિંતકો, શુભેચ્છકો, ચાહકો અને મિત્રો શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# સ્વામિનારાયણ સ્કૂલના વિદ્યાર્થીઓને ફાયર સેફટી માર્ગદર્શન





### ફાયર બ્રિગેડના નિષ્ણાંતોએ આગજની સમયે લેવાના સાવચેતીના પગલાની ડેમોસ્ટ્રેશન સાથે સચોટ માહિતી પૂરી પાડી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓને પુસ્તકીય જ્ઞાન ઉપરાંત વિવિધ પ્રવૃતિઓ દ્વારા વ્યવહારીક સમજ આપવા અવાર-નવાર વિવિધ કાર્યશાળાના આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં વિદ્યાર્થીઓને ફાયર સેફ્ટી અંગે માર્ગદર્શન આપવા રાજકોટના ફાયર અને ઇમરજન્સી સેન્ટરના નિષ્ણાંતોને શાળા કેમ્પસ ખાતે આમંત્રિત કરવામાં આવ્યા હતા.

ફાયર વિભાગના નિષ્ણાંતોએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આગ લાગે ત્યારે શું કરવુ, આગની પરિસ્થિતિ ઉપર કેવી રીતે કાબુ મેળવવો તથા અગ્નિશમન સાધનો ક્યાં-કયાં છે? આ વિવિધ બાબતોથી બાળકોને માહિતગાર કરવામા આવ્યા હતા.

‘ચેતતા નર સદા સુખી’ ની ઉકતી પ્રમાણે, જ્યારે આગ લાગે ત્યારે ગભરાયા વગર આગથી દૂર થઈને તેના પર કેવી રીતે કાબુ મેળવી તેને ઠારવી તેના વિષે એકસપર્ટસ દ્વારા જાણકારી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓની સમક્ષ આગ ઠારવાના પ્રયોગો પણ કરીને બતાવવામાં આવ્યા હતા અને કોઈ સ્થળે આગ લાગે ત્યારે ફાયર બ્રિગેડ કેવી રીતે થોડી જ મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચીને આગ બુઝાવે છે તેની માહિતી આપી હતી. ડેમોસ્ટ્રેશન માટે ફાયર ફાઇટરને કોલ કરી સ્થળ પર બોલાવવામાં આવ્યો હતો.

જેથી કોઇ સમયે આગની ગંભીર પરિસ્થિતિ ઉદભવે તો ગભરાયા વગર તેનો સામનો કરી શકે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો અને કર્મચારીઓએ પણ ખુબ ઉત્સાહથી ભાગ લીધો હતો અને બાળકોએ ફાયર સેફ્ટીના નિયમો વિશે રસપૂર્વક માહિતી મેળવી હતી.

આ કાર્યક્રમના આયોજન માટે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળના સંતો અને શાળાના એડવાઇઝર શ્રીકાંત તન્નાના માર્ગદર્શનમાં શિક્ષકો અને બિન-શૈક્ષણિક કર્મચારીઓની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# રાજકોટમાં બેફામ ટ્રાફિક જેવી જ પુતળાઓની પણ ગંભીર અવદશા!



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: રાજકોટ શહેરમાં ટ્રાફિક નિયમ મુજબ ચાલતો રહે, વાહન ચાલકો ટ્રાફિકનાં તમામ નીતિનિયમોનું પાલન કરે એ માટે શહેરમાં અલગ- અલગ ચોકમાં અને મહત્વનાં પોઈન્ટ પર ટ્રાફિકનાં નિયમો અને નિશાનીઓ સમજાવતા પુતળા મુકવામાં આવ્યા છે. પરંતુ રાજકોટ શહેરની જનતાને જાણે કઈ સમજવું જ ન હોય તેમ ટ્રાફિકનાં પુતળાઓની પણ ટ્રાફિક જેવી અવદશા કરી નાખવામાં આવી છે. કોઈ પુતળાનો હાથ વાંકો વળી ગયો છે તો કોઈનો તૂટી ગયો છે. કોઈ પુતળુ દિશાવિહિન થઇ ગયું છે. જનતાને માર્ગદર્શન આપવા માટેનો ટ્રાફિક પોલીસનો સુંદર પ્રયાસ બેજવાબદાર અને શિસ્ત વગરનાં નાગરિકોને કારણે નિષ્ફળ જઈ રહ્યો છે તેવું તસ્વીરો કહી રહી છે. આપણા શહેરને સ્વચ્છ અને સુંદર રાખવાની જવાબદારી આપણી છે. એ જ રીતે ટ્રાફિક સુચ્ચારુંરૂપે ચાલતો રહે એ રીતે નિયમ પાલન કરતા રહેવું એ દરેક વાહન ચાલકની જવાબદારી છે. આ ઉપદેશ કોઈ સાંભળશે ખરું? કે પછી ભેંસ આગળ ભાગવત?!!



(તસવીરઃ દિલીપ ગોહેલ)

# કાલે બક્ષીપંચ મોરચાનો પ્રશિક્ષણ અભ્યાસ વર્ગ યોજાશે



## ભાજપ દ્વારા સૌરાષ્ટ્ર ઝોન મહિલા મોરચાનો પ્રશિક્ષણ અભ્યાસ વર્ગ સંપન્ન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩૦

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, પ્રશિક્ષણ વર્ગના ઈન્ચાર્જ નિતીન ભૂતની એક સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે કે, શહેરની રાણીંગા વાડી ખાતે ભાજપ દ્વારા સૌરાષ્ટ્ર ઝોનના મોરચા પ્રશિક્ષણ અભ્યાસ વર્ગનો પ્રારંભ થયેલ છે, જે અંતર્ગત ત્રીજા દિવસે મહિલા મોરચાના અભ્યાસ વર્ગનો પ્રારંભ કમલેશ મિરાણી, સૌરાષ્ટ્ર ઝોન પ્રશિક્ષણ વર્ગના ઈન્ચાર્જ પ્રદીપભાઈ ખીમાણી, પ્રદિપભાઈ વાળા, મેયર ડો. પ્રદિપ ડવ સહિતના અગ્રણીઓના હસ્તે દિપપ્રાગટય કરી કરવામાં આવેલ.

આ મોરચાના પ્રશિક્ષણ અભ્યાસ વર્ગમાં રાજકોટ શહેર, જિલ્લો, જામનગર શહેર, જામનગર જિલ્લો, દેવુભૂમિ દ્વારકા, મોરબી, પોરબંદર, સુરેન્દ્રનગરના મહિલા મોરચાના પ્રમુખ, મહામંત્રી, હોદેદારો સહિતના ઉપસ્થિત રહયા હતા. જેમાં સત્ર અધ્યક્ષ તરીકે અનુક્રમે કિરણબેન હરસોડા, રીટાબેન જોટાંગીયા, સીમાબેન જોષી, કાજલબેન સંઘાણી, મીતાબેન થાનકી, સંગીતાબેન ભીમાણીએ તેમજ સત્ર સંચાલક તરીકે હેતલબેન જાની, લીનાબેન રાવલ, ધારાબેન પટેલ, ક્રિષ્નાબા જાડેજા, જીજ્ઞાબેન પટેલ, મંજુલાબેન ચૌહાણએ જવાબદારી સંભાળેલ. શહેર ભાજપ મહિલા મોરચાના મહામંત્રી કિરણબેન હરસોડા, લીનાબેન રાવલ અને વોર્ડના મહિલા મોરચાના પ્રમુખ, મહામંત્રી તેમજ વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ પ્રશિક્ષણ વર્ગમાં જોડાયા હતા ત્યારે આજે યુવા મોરચો અને આવતીકાલે બક્ષીપંચ મોરચાનો પ્રશિક્ષણ અભ્યાસ વર્ગ યોજાશે. ત્યારે આ પ્રશિક્ષણ અભ્યાસ વર્ગને સફળ બનાવવા રાજકોટ ખાતેથી શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ વિવિધ કમિટિ જેમાં બેનરમાં નિતીન ભુત, વિક્રમ પુજારા, સુશોભન કમિટિમાં અશોક લુણાગરીયા, સ્ટેજ કમિટિમાં મહેશ રાઠોડ, મહેશ પરમાર, ભોજન કમિટિમાં રમેશભાઈ જોટાંગીયા, ચેતન રાવલ, આઈ.ટી. માં હાર્દીક બોરડ, જય શાહ, તેમજ કાર્યાલય ખાતેથી શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ અને કાર્યાલય મંત્રી હરેશ જોષી સહિતના વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

## કેકેવી ચોક અને જડુસ ઓવરબ્રિજની ચાલુ કામગીરીની સમીક્ષા કરતા મ્યુનિ. કમિશનર અમિત અરોરા






# કેશોદ એરપોર્ટ બે દાયકાથી બંધ

## અનેક વખત વિમાની સેવા ચાલુ કરવાની થતી ખોટી જાહેરાતના કારણે કરચવાટ

**(ગોવિંદ હડીયા દ્વારા)** કેશોદ, તા.૩૦

છેલ્લાં બે દશકાથી કેશોદ એરપોર્ટમાં સ્ટાફ હોવા છતાં વિમાની સેવા બંધ છે. જે વિમાની સેવા ફરીથી શરૂ કરવા વર્ષોથી માંગણીઓ થઈ રહી છે.



એરપોર્ટ ઓથોરિટી દ્વારા લોક ડાઉન પહેલા એરપોર્ટની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી નવ નિર્મિત કરવામાં આવ્યું છે. લોકડાઉન પહેલાં કેશોદ એરપોર્ટમાં મુસાફરો માટે વિમાની સેવા શરૂ થવાની જાહેરાત થઈ હતી. ત્યાર બાદ કોરોના મહામારીના કારણે વિલંબ થતા ફરીથી એરપોર્ટમાં વિમાની સેવા શરૂ થવાની ચર્ચાઓ થઈ હતી. બાદમાં ઉડાન સ્કિમ હેઠળ કેશોદ એરપોર્ટનો સમાવેશ કરી ડિસેમ્બરમાં વિમાની સેવા શરૂ થવાની ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ તા. ૯.૯.૨૦૨૧ના રોજ મીડીયા સમક્ષ જાહેરાત કરેલ હતી ત્યાર બાદ ૧૨ માર્ચથી ૭૨ બેઠકનું નાનુ વિમાન મુંબઈ કેશોદ મુંબઈ ફ્લાઇટ તથા ૨૩ માર્ચથી કેશોદ અમદાવાદ ફ્લાઇટ શરૂ થવાની ચર્ચાઓ થઇ હતી છતાં કોઈ કારણોસર મુસાફરો માટે વિમાની સેવા શરૂ ન થઈ નથી ત્યારે હાલના વર્ષે કેશોદ એરપોર્ટમાં વિમાની મુસાફરો માટે વિમાની સેવા શરૂ થશે કે કેમ તે જોવાનું રહેશે.

# નંદનવન શાકમાર્કેટના વેપારીઓ દ્વારા મ્યુ. કમિશનને આવેદન પાઠવ્યું

## નંદનવન સોસા.ના રહેવાસીને મુશ્કેલી ન પડે તે માટે મવડી વોકર ઝોન બનાવી આપવા માંગ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩૦

નંદનવન શાકમાર્કેટના વેપારીઓ દ્વારા આજે શહેર મ્યુ. કમિશનને આવેદન પાઠવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, નંદનવન સોસાયટીમાં ઘણા સમયથી શાકભાજીનું વેચાણ કરીએ છીએ.

ઘણા વેપારીઓએ આગાઉ તા. ૦૪/૦૮/૨૦૨૧ના રોજ મ્યુ. કમિશન તથા મેયરને રૂબરૂ તેમજ લેખિતમાં વેપાર માટે વોકર ઝોન બનાવી આપવા અંગે માંગણી કરેલ. અમે શાકભાજીના વેપારીઓની અરજ છે કે, વોર્ડ નં.૧૨ નંદનવન શાકમાર્કેટ પાસે જગ્યા રોકાણ



વિભાગ દ્વારા અવાર-નવાર અમારી રેકડીઓ લઈ જાય છે. અમે શાકભાજી વેચી અમારા પરીવારનું ગુજરાન ચલાવતા હોય જેથી નંદનવન સોસાયટીના રહેવાસીઓને મુશ્કેલી ન પડે તે હેતુથી અમને મવડીએ વોકર ઝોન બનાવી આપવા અમારી અરજદારોની નમ્ર અરજ છે.(૧૩)

# જામનગરની સરકારી હોસ્પિટલમાં દર્દીઓની લાંબી કતારો

## ટ્રોમા સેન્ટરમાં ઓર્થોપેડિકની સારવાર માટે માત્ર બે તબીબો હોવાથી ઈજાગ્રસ્ત દર્દીઓની સારવારમાં વિલંબ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા. ૩૦

સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌથી મોટી ગણાતી જામનગરની સરકારી ગુરૂ ગોવિંદસિંગ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ઓર્થોપેડિક વિભાગમાં તબીબી તપાસણી માટે ૧૫૦થી વધુ દર્દીઓની કતાર લાગી હતી. માત્ર બે જુનિયર તબીબો દર્દીઓને તપાસ કરતા હોવાથી અનેક ઈજાગ્રસ્ત દર્દીઓ સારવાર માટે કણસતા રહ્યા હતા અને ભારે દેકારો મચી ગયો હતો.

જામનગરની સરકારી હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં દર્દીઓ સારવાર મેળવવા માટે લાંબી લાંબી કતારો લગાવે છે. પ્રતિદિન દર્દીઓને સારવાર મેળવવા માટે લાંબી લાઈનમાં અને કલાકો સુધી ઉભા રહેવું પડે છે. જેમાં મંગળવારે ઓર્થોપેડિક વિભાગના તબીબો પાસે ચકાસણી કરાવવા માટે ૧૧ વાગ્યાથી ૧૫૦ થી વધુ દર્દીઓની કતાર લાગી ગઈ હતી અને ધીમે ધીમે કતાર તેનાથી પણ વધુ લાંબી થઇ હતી. જેઓની માત્ર બે જુનિયર તબીબો ધીમી ગતિએ તપાસણી કરતા હોવાથી દર્દીઓનો વારો નહીં આવતાં સારવાર મેળવવા માટે અનેક દર્દીઓ તરફડીયા મારી રહ્યા હતા અને દર્દીઓમાં ભારે દેકારો બોલી ગયો હતો.

સરકારી હોસ્પિટલના તંત્ર દ્વારા આ મામલે ગંભીર સમસ્યા ધ્યાનમાં લઈને વધુ તબીબોની ટીમ દ્વારા દર્દીઓની સમયસર તપાસણી થાય અને તમામને વહેલાસર સારવાર મળી રહે, તેવી વ્યવસ્થા ગોઠવવા માંગ ઉઠી છે.

## વિવેકાનંદ યુથ કલબ દ્વારા

# હજારો દર્દીઓનાં માતૃતુલ્ય સેવાભાવી તબીબ ડો. મનોરમાબેન મહેતાનું સન્માન કરાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩૦

વિવેકાનંદ યુથ કલબ દ્વારા વર્ષો સુધી રાજકોટની સરકારી બાળકોની હોસ્પિટલમાં હજારો બાળ દર્દીઓની માતાની જેમ સેવા કરનારા, થેલેસેમિયા બાળ દર્દીઓ પ્રત્યે જેમને હંમેશા વિશેષ લગાવ રહેલ છે અને આજે ૮૧ વર્ષની વયે પણ રાજકોટ ઝીરો થેલેસેમિયા મુક્ત બને તેવી પ્રબળ ભાવના ધરાવતા બાળકોનાં માતૃતુલ્ય તબીબ ડો. મનોરમાબેન મહેતાની સુદીર્ઘ સેવાઓને ધ્યાનમાં લઈને થેલેસેમિયાનાં બાળકો અને પરિવારજનોની ઉપસ્થિતિમાં તાળીઓનાં ગણગણાટ વચ્ચે મહિલા અગ્રણી લતાબેન પોપટ અને રંજનબેનનાં હસ્તે પુષ્પગુચ્છ આપી, ખેસ પહેરાવી, પુસ્તક આપી તેમજ શાલ ઓઢાળીને લાગણી સભર સન્માન કરવામાં આવેલ. સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાનાં અનુપમ દોશી, મિતલ ખેતાણી, સુરેશ બાટવીયા, પંકજ રૂપારેલીયા, હસુભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.(૧.૧૨)

# જસદણ પંથકમાં હીટવેવઃ લોકો પશુ-પક્ષીઓ ત્રાહિમામ



**(હુસામુદ્દીન કપાસી દ્વારા)**

જસદણ: છેલ્લા ત્રણ દિવસથી જસદણ પંથકમાં સુર્યદેવતા લાલચોળ થઇ ગયા છે. સોમવારે મહત્તમ તાપમાન ૪૧.૩ ડિગ્રી નોંધાયા બાદ મંગળવારે સાંજે પાંચ વાગ્યે તાપમાનનો પારો ૪૧ ડિગ્રીએ સ્થિર થયો હતો. અસહ્ય તાપથી માનવ સહીત પશુ પક્ષીઓ પણ પરેશાન છે.

## રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર દ્વારા કેન્સર હોસ્પિટલ ખાતે

# 2D ડિજિટલ મેમોગ્રાફી સેન્ટરનું લોકાર્પણ કરાયું

## પ્રોજેક્ટને સફળ બનાવવા માટે રોટરી ફાઉન્ડેશન દ્વારા રોટરી ગ્લોબલ ગ્રાન્ટ અંતર્ગત રૂ. ૭૫ લાખ આપવામાં આવ્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩૦

રોટરી ક્લબ ઓફ રાજકોટ ગ્રેટર દ્વારા કેન્સર સોસાયટી સંચાલિત કેન્સર હોસ્પિટલને સ્તન કેન્સરના નિદાન માટે ખુબ ઉપયોગી એવું આધુનિક ૨ડ મેમોગ્રાફી મશીનના અનુદાનનો લોકાર્પણ સમારોહ ગત રવિવારે શહેરના ઉધોગપતિઓ, અગ્રણી નાગરીકો અને રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના



મેમ્બર્સની હાજરીમાં યોજાયો હતો.

પ્રોજેક્ટ ચેર રો. સર્જુ પટેલ દ્વારા રોટરી ગ્લોબલ ગ્રાન્ટ દ્વારા મેમોગ્રાફી મશીનના ડોનેશન માટે રાજકોટ શહેર અને વિદેશના દાતાઓના સહકારથી આ પ્રોજેક્ટ કઈ રીતે શક્ય બન્યો. રોટરી ફોઉન્ડેશન દ્વારા રોટરી ગ્લોબલ ગ્રાન્ટ અંતર્ગત રૂ. ૭૫ લાખ આપવામાં આવેલ. આ પ્રસંગે રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર દ્વારા દાતા પરિવારનું સન્માન કરવામાં આવ્યું. રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના રોટેરીયન સરજુ પટેલે જણાવ્યું કે, ડોનેશનનો તમામ હિસ્સો યોગ્ય રીતે સમાજ ઉપયોગી કાર્યો માટે જ વપરાય છે. ભવિષ્યમાં જ્યારે પણ કલબને સમાજ ઉપયોગી પ્રોજેક્ટ માટે જરૂર પડે ત્યારે સાથ સહકાર આપવા દાતાઓને અપીલ કરી હતી. તેમજ ભૂતપૂર્વ રોટરી ડિસ્ટ્રિક્ટ ગવર્નર રો. પ્રશાંત જાનીએ બપ્રેરક માહિતી આપી. રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર તથા રાજકોટ કેન્સર સોસાયટી દ્વારા સ્તન કેન્સર માટે ફ્રી ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના મેમ્બર્સે ભારે જહેમત ઉઠાવી હતી.(૧૩)






## વિરાંજલિ સમિતિ દ્વારા શહીદોની શૌર્ય ગાથા રજૂ કરનાર નાટક 'વિરાંજલિ' યોજાશે

# બિલાડીના ટોપની જેમ ફુટી નીકળેલી પોલિટિકલ પાર્ટીઓ શહીદોના નામે રાજકારણ કરે છેઃ ઋત્વિજ પટેલ

## ૧૦૦ કલાકારો અને આખી સમિતિના ૧૫૦ જેટલા લોકો દ્વારા દેશભક્તિ ફીલ કરાવવામાં આવશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ.તા.૩૦

દેશને આઝાદી અપાવવા માટે શહીદ થનારા શહીદોને યાદ કરી વતનના વિસરાયેલા વીરોની વાત મારફત શ્રદ્ધાંજલિ આપવા વિરાંજલિ સમિતિ દ્વારા રાજકોટમાં વિરાંજલિ નાટકનું આયોજન કરાયું છે. આ મુદ્દે આજે પત્રકાર પરિષદ યોજાઈ હતી. જ્યાં ભાજપ નેતા ઋત્વિજ પટેલે વિપક્ષ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલી પોલિટિકલ પાર્ટીઓ શહીદોના નામે રાજકારણ કરે છે. વિરાંજલી સમિતિ દ્વારા શહીદોની ગાથા લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આગામી ૨ એપ્રિલનો રવિવારના રોજ રાજકોટ રેસકોર્સ મેદાન ખાતે નાટક વિરાંજલિ યોજાશે.

જાણીતા શહીદોની જાણી અજાણી વાતો યુવાનો અને લોકો સુધી પહોંચાડવા માટે વિરાંજલિ સમિતિ દ્વારા વિરાંજલિ મલ્ટી મીડિયા શોનું આયોજન કરવામાં આવ્યું છે. વિરાંજલિ સમિતી ના ૧૫૦થી વધુ લોકોની ટીમ દ્વારા નામી-અનામી કલાકારો સાથે શહીદોની યાદમાં શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદમાં લોકોનો જબરો પ્રતિસાદ મળતા ગુજરાતમાં અલગ અલગ ૧૦



શહેરોમાં વિરાંજલિ કાર્યક્રમ કરવા નક્કી કરવામાં આવ્યું છે જે સમિતી દ્વારા આગામી ૨ એપ્રિલના રોજ રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે અને આગામી ૧૦ એપ્રિલના રોજ કચ્છ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ ખાતે આજે ખાસ ઉપસ્થિત રહેલા યુવા નેતા ઋત્વિજ પટેલે જણાવ્યું હતું કે, કોરોના કપરા કાળ દરમિયાન બે વર્ષથી આ કાર્યક્રમ લોકો સુધી ઓનલાઇન વર્ચ્યુલી પહોંચાડવા પ્રયાસ કર્યો હતો ત્યારે ગત ૨૩ અને ૨૪ માર્ચના રોજ અમદાવાદમાં સારો પ્રતિસાદ મળતા આ કાર્યક્રમ ગુજરાતમાં અલગ અલગ ૧૦ શહેરોમાં પહોંચાડવા નક્કી કર્યું છે. જેમાં પ્રથમ કાર્યક્રમ રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે ૨ એપ્રિલના રોજ સાંજના ૭ વાગ્યાથી શરૂ થશે. જેમાં રાજકોટ વાસીઓને આવવા માટે આમંત્રણ પાઠવું છું. આજના સમયમાં બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલી પોલિટિકલ પાર્ટીઓ શહીદોના નામે રાજકારણ કરે છે ત્યારે લોકો સુધી શહીદોની ગાથા પહોંચાડવા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં નિઃશુલ્ક એન્ટ્રી પાસ આપવામાં આવશે.

## ભુસાના કોથળાની આડમાં સંતાડેલ ૩ લાખ ૯૦ હજારનો દારૂ ઝડપતી રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચઃ કુલ ૭ લાખ ૯૦ હજારનો મુદ્દામાલ જપ્ત આરોપીની શોધખોળ શરૂ




**મહાકાળી તાંત્રીક સમ્રાટ-અમદાવાદ**

તાત્કાલિક શત્રુનાશ, પ્રેમી-પ્રેમિકા વશ. બધાથી પહેલા મારૂં કામ-કામ ના થાય તો પૈસા પાછા. છુટાછેડા, લગ્નમાં વિલંબ, ગૃહકલેશ, સંતાન પ્રાપ્તિ, દારૂ છોડાવો, મેલી વસ્તુ, પતિ-પત્નિ અણબનાવ, સાસુ-વહુનો ત્રાસ, જુના તુટેલા સંબંધો. ધારેલા વ્યકિતનું મિલન, એકતરફી પ્રેમ કરનાર બિઝનેશ-ફેમીલી પ્રોબ્લેમ, ગુપ્તધન સ્પેયાલિસ્ટ.

૯૬૬૨૨ ૧૦૮૪૬



પાટીદાર સમાજનાં નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાઈ રહ્યાની જોર પકડતી ચર્ચા

# શું પરસોતમ સોલંકી અને કુંવરજી બાવળીયા કોંગ્રેસમાં જોડાશે? ભારે ચર્ચા

**રાજ્યનાં ખૂણે-ખૂણે અનેક અનુમાનો અને અટકળોની આંધી ઉઠી છેઃ જો આવા ફેરફારો થાય તો વિધાનસભાનો ચૂંટણી જંગ રસપ્રદ બનશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
અમદાવાદ, તા.૩૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પહેલા રાજ્યની બે શક્તિશાળી અને વર્ચસ્વ ધરાવતી તેમજ તાકાતવાળી વોટ બેંક ગણાતી બે જ્ઞાતિઓનાં ત્રણ દિગ્ગજ નેતાઓ આગામી દિવસોમાં કોંગ્રેસનો પંજો પકડી લેવાની તૈયારીઓ કરી રહ્યા હોવાના ઝી ન્યુઝ ચેનલનાં એક અહેવાલથી રાજ્યભરમાં ભારે ચર્ચા જાગી ઉઠી છે અને રાજ્યનાં ખૂણે-ખૂણે અનેક અનુમાનો અને અટકળોની આંધી ઉઠી છે. ઝી ન્યુઝનાં અહેવાલમાં એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે કે, કોળી સમાજનાં બે ધૂરંધર અને ટોચનાં વગદાર નેતાઓ પરસોતમ સોલંકી તથા કુંવરજી બાવળીયા કોંગ્રેસમાં જોડાઈ જવાની વ્યૂહરચના ઘડી રહ્યા છે. તદ્ઉપરાંત પાટીદાર સમાજનાં એક જાણીતાનેતા નરેશ પટેલ પણ કોંગ્રેસની છાવણી તરફ ધીમી પણ મક્કમગતિથી આગળ વધી રહ્યા હોવાનું કહેવાય છે. જો ખરેખર આવી ઘટનાઓ બને તો વિધાનસભાની આગામી ચૂંટણીઓ ભાજપ માટે અગ્નિ પરીક્ષા જેવી બની રહેશે. ભાજપની છાવણીમાં ચર્ચા અને ચિંતા પ્રસરી રહ્યા હોવાનું કહેવાય છે. જો અહેવાલ મુજબ આ ત્રણ નેતાઓ કોંગ્રેસમાં પ્રવેશ કરે તો બે શક્તિશાળી જ્ઞાતિનો ઝુકાવ કોંગ્રેસ તરફ થઇ જવાની સંભાવના છે અને ભાજપ માટે





ચૂંટણીઓ કપરા ચઢાણ જેવી બની રહેશે.

આદિવાસી નેતાઓમાં પણ આપ ને સમર્થન આપવાનું વલણ દેખાયું છે. કેમકે તાપી- પાર- નર્મદા રીવર લીંક પ્રોજેક્ટથી આદિવાસી સમાજ ભાજપથી ખૂબ નારાજ દેખાય છે. ભાજપે આદિવાસીઓનાં મિજાજને જોઇને જ હાલ આ યોજના તડકે મૂકી દીધી છે પણ રાજકીય નિરીક્ષકો માને છે કે ઘણું મોડું થઇ ગયું છે.

સૌરાષ્ટ્રમાં મજબુત પકડ ધરાવતો કોળી સમાજ અને તેના બે દિગ્ગજ નેતા કુંવરજી બાવળીયા અને પરસોતમ સોલંકી કોંગ્રેસમાં જોડાઈ તેવી પૂરી શક્યતા દેખાઈ રહી છે. જાણકાર સુત્રો કહે છે કે, લાંબા સમયથી ભાજપમાં સાઈડ લાઈન થઇ ગયેલા સોલંકી કોંગ્રેસમાં ચાલ્યા જાય તેવી પૂરી સંભાવના છે. બાવળીયા ભાજપમાં આવ્યા અને મંત્રી પદ પણ ભોગવ્યું છતાં અત્યારે તો એમની રાજકીય કારકિર્દી સામે જ સવાલો ઉઠી રહ્યા છે. એમને ભાજપમાંથી ધારાસભાની ટિકિટ મળવા અંગે પણ શંકા ઉભી થઇ ગઈ છે. આવી જ સ્થિતિ પરસોતમ સોલંકીની છે. એમને પણ ટિકિટ મળવાની સંભાવના દેખાતી નથી. એમના ભાઈ હિરા સોલંકી પણ રાજુલામાંથી હારી ગયા છે અને અત્યારે સાવ સાઈડલાઈન છે.


જો આ દિગ્ગજ કોળી નેતાઓ કોંગ્રેસમાં જોડાઈ તો આગામી વિધાનસભા ચૂંટણી જંગ નિર્ણાયક અને રોમાંચક બની જશે. તેમાં શંકા નથી. ભાજપ માટે કપરા ચઢાણ દેખાય છે. ગુજરાતનું હાલનું મંત્રી મંડળ નવું અને બિન અનુભવી છે. એમાં પણ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની ફોર્મ્યુલાને કારણે જુના મંત્રી મંડળનાં ઘણા નેતાઓ ટિકિટથી વંચિત રહી શકે છે. એમના પરિવારોમાંથી પણ કોઈને ટિકિટ નહીં મળે એ જોતા ટિકિટ વંચિત નેતાઓ દેખાવ પૂરતું સમર્થન આપી શકે છે પણ પડદા પાછળ રાજકીય ખેલ થઇ શકે છે.(૨.૧૨)

# ટીપી શાખાનું બુલડોઝર ઘણઘણ્યુંઃ ૨ કરોડથી વધુની જમીન ખુલ્લી કરાઈ









(તસવીરઃ દિલીપ ગોહેલ)

**વોર્ડ નં.૧૮માં દબાણો દૂર કરાયા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૩૦

રાજકોટ મનપા દ્વારા વન ડે થ્રી વોર્ડ ઝુંબેશ શરૂ કરી દીધી છે. જેમાં કોઇ એક દિવસે મનપાની મોટાભાગની શાખાનો કાફલો કામગીરી માટે ઉતારવામાં આવે છે. તેજ રીતે ટીપી શાખા દ્વારા સતત બિજા દિવસે ટાઉનપ્લાનિંગ સ્કીમ નં.૧૨ (કોઠારીયા) કે જે તા.૧૩/૦૭/૨૦૧૮ ના પ્રારંભિક મંજુર થયેલ જેના અમલીકરણના ભાગરૂપે તા.૨૮/૧૨/૨૦૨૧ થી તમામ દબાણકર્તાઓને ધી ગુજરાત ટાઉન ટાઉનપ્લાનિંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એક્ટ-૧૯૭૬ ની કલમ ૬૮ અને તે હેઠળના રૂલ નં.૩૩ મુજબની નોટીસ આપવામાં આવેલ અને ત્યારબાદ પત્રથી દબાણ દુર કરવા માટે તેમજ સ્થાનિકે વારંવાર રૂબરૂ તમામ દબાણકર્તાઓને જણાવવામાં આવેલ.જેના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન ટાઉનપ્લાનિંગ શાખા દ્વારા આજે વોર્ડ નં.૧૮માં કોઠારીયા રોડ પર આવેલ દબાણો અને ટી.પી.સ્કીમ નં.૧૦, એફ.પી.નં.૮૯ માં આવેલ રહેણાંક હેતુના અમરનાથ પાર્ક શેરી નં.૧૧ના બોલબાલા માર્ગ પર આવેલ દબાણ દૂર કરવામાં આવ્યું હતું. અને ૨,૨૫,૦૦,૦૦૦ની જમીન ખુલી કરાઇ હતી.

આ કામગીરીમાં ટાઉન ટાઉનપ્લાનિંગ શાખા, દબાણ હટાવ શાખા, રોશની શાખા, બાંધકામ શાખા તથા ફાયરએન્ડ ઈમરજન્સીસર્વિસીસ શાખા સાથે રહીને દબાણ દૂર કરેલ છે.તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુરક્ષા વિભાગના અધિકારી તથા તેમનો તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહ્યા હતા.

## મનપાના તમામ સ્નાનાગારો ખાતે તા.૧ એપ્રિલથી પ્રવેશ પ્રક્રિયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

મહાનગરપાલિકા હસ્તકની વિવિધ રમત ગમતની સુવિધાઓ જેવી કે સિન્થેટીક એથ્લેટીક ટ્રેક, સિન્થેટીક ટેનીસ કોર્ટ, બાસ્કેટબોલ કોર્ટ, રેસકોર્ષ જીમ, નાના મવા મલ્ટિ એક્ટીવિટી સેન્ટર લેડિઝ જીમ તથા સરદાર વલ્લભભાઇ પટેલ સ્નાનાગાર કોઠારીયા રોડ, મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્નાનાગાર કાલાવડ રોડ, લોકમાન્ય તિલક સ્નાનાગાર રેસકોર્ષ, સ્વામી વિવેકાનંદ સ્નાનાગાર પેડક રોડ તથા જીજાબાઇ મહિલા સ્નાનાગાર, સાધુ વાસવાણી રોડ સહિતના તમામ સ્નાનાગારો ખાતે શિખાઉ તથા જાણકાર સભ્યો માટે પ્રવેશ પ્રક્રિયા તા.૧-૪થી શરૂ કરવામાં આવનાર છે.

આ તમામ રમતગમત તથા સ્નાનાગારની સુવિધાઓનુ માસિક,ત્રીમાસિક, છ માસિક તથા વાર્ષિક મેમ્બરશીપ માટે રજીસ્ટ્રેશન તા.૧ને શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકથી www.rmc.gov.in પરથી ઓનલાઇન, રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના તમામ સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફીસ ખાતે થઇ શકશે.

## રાજકોટ વેરા-વસુલાત શાખા દ્વારા રૂ.૧૪૭.૩૧ લાખની રિકવરી



**30 મિલ્કતો સીલ, ૧૪૨ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

મહાનગરપાલિકાની વેરા-વસુલાત શાખા દ્વારા ૩૦ મિલ્કતોને સીલ, ૧૪૨ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ તથા રૂ. ૧૪૭.૩૧ લાખ રિકવરી કરેલ છે.

વોર્ડ નં- ૨માં એરપોર્ટ રોડ પર આવેલ રહેણાંક યુનિટના બાકી માંગણા સામે નળ-કનેક્શન કપાતની કાર્યવાહી કરતાં રૂ. ૭૦ હજાર રિકવરી. વોર્ડ નં. ૪માં કુવાડવા રોડ પર આવેલ ઇન્ડસ્ટ્રીયલ ૪-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતાં રૂ. ૨.૨૮ લાખ રિકવરી. વોર્ડ નં. ૬માં સંત કબીર રોડ પર આવેલ ૪-કોમર્શીયલ યુનિટને બાકી માંગણા સામે સીલ કરેલ છે. વોર્ડ નં. ૭માં રજપૂતપરા મેઇન રોડ પર આવેલ ૬-કોમર્શીયલ યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તીની નોટીસ આપેલ છે, ટાગોર રોડ પર આવેલ ૨-કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૧.૨૦ લાખ રિકવરી, ગોંડલ રોડ પર આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૧.૦૬ લાખ રિકવરી. વોર્ડ નં. ૮માં હનુમાનમઢી ચોકમાં આવેલ ૨-કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે સીલ કરેલ છે, રૈયા રોડ પર આવેલ ૨-કોમર્શીયલ યુનિટને બાકી માંગણા સામે સીલ કરેલ છે, રાધાનગર મેઇન રોડ પર આવેલ રહેણાંક યુનિટના બાકી માંગણા સામે રૂ. ૮૨ હજાર રિકવરી. વોર્ડ નં. ૧૦માં રાણી ટાવર પાસે આવેલ સદગુરુ પ્રેરણા એપાર્ટમેન્ટના પાણી વેરાના બાકી માંગણા સામે જપ્તીની નોટીસ આપતાં રૂ. ૨.૦૨ લાખ રિકવરી. વોર્ડ નં. ૧૩માં સ્વામિનારાયણ ચોકમાં આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૪ લાખ રિકવરી,

(અનુ.પાના નં.૪ ઉપર)

**ઉદ્યોગો ઉપર વીજકાપ ઝીંકતુ વીજતંત્રઃ રાજકોટ-મોરબીમાં બુધવારે આખો દિવસ સ્ટેગરીંગના આદેશો કાળઝાળ ગરમીઃ ૧૫૦૦ મેગાવોટની ડીમાન્ટ વધી : કચ્છમાં શનિવારે વીજ કાપની સુચના**

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
-:શ્રદ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
5 x 2: 200 Rs. +5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# રાજકોટમાં ધો.૧૦ ની પરીક્ષામાં પહેલો કોપીકેસ નોંધાયો

**ગણિતનાં પેપરમાં મોરબી રોડ પાસેની ધોળકિયા સ્કૂલમાં મોબાઈલ સાથે વિદ્યાર્થી ઝડપાયોઃ બપોર બાદ તત્વજ્ઞાન-રસાયણ વિજ્ઞાનનું પેપર**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

રાજકોટમાં ખૂબ શાંતિ સાથે અને તનાવથી મુક્ત વાતાવરણમાં ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ ચાલી રહી છે. ધો.૧૦ નું આજે ગણિતનું પેપર હતી. આજે પહેલી વખત કોપીકેસ નોંધાયો છે અને મોબાઈલ સાથે એક વિદ્યાર્થીને ઝડપી લેવામાં આવ્યો છે.

ધો.૧૦ ની પરીક્ષામાં આજનાં પેપરમાં કુલ ૩૭૯૨૧ વિદ્યાર્થીઓ પૈકી ૩૬૯૦૮ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે હાજર થયા હતા કુલ ૧ હજાર વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. મોરબી રોડ પર આવેલી ધોળકિયા સ્કૂલનાં પરીક્ષા કેન્દ્રમાં એક કોપીકેસ નોંધાયો છે. મોબાઈલ સાથે પરીક્ષા આપેલા એક વિદ્યાર્થીને પકડી લેવામાં આવ્યો હતો. પરીક્ષાઓ પૂરી થયા બાદ આ વિદ્યાર્થી સામે પોલીસ કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ફરિયાદ સહિતની પ્રક્રિયા પરીક્ષા બાદ હાથ ધરવામાં આવશે. આ એક કોપીકેસ સિવાય પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પૂરી થઇ હતી. આજે બપોર પછી તત્વજ્ઞાન- રસાયણ વિજ્ઞાનનું પેપર છે.

મોનીટરીંગ અને સુરક્ષાની સચોટ વ્યવસ્થા વચ્ચે વિદ્યાર્થી ભાઈ-બહેનો હળવા અને મુકત વાતાવરણમાં શાંતિથી પરીક્ષા આપી રહ્યા છે. દરેક પરીક્ષા કેન્દ્રોમાં પેપર દરમ્યાન સીસીટીવી મારફત સતત મોનીટરીંગ કરવામાં આવે છે.(૨.૧૨)

**કેન્દ્રિય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારોઃ કેબિનેટમાં લેવાયો નિર્ણય**

**એપ્રિલનાં પહેલા અઠવાડિયામાં પ્રદેશ કક્ષાનો કાર્યક્રમ રાજકોટમાં યોજાશે**

# બેકાબુ મોંઘવારીનાં વિરોધમાં કોંગ્રેસનો ‘નગારે ઘા’





**પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર, પ્રભારી રઘુ શર્માજી તેમજ સૌરાષ્ટ્રભરનાં આગેવાનો ઉમટી પડશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

ગુજરાતમાં બેકાબુ બનતી જતી મોંઘવારી અને આમ જનતાની અકલ્પનિય હાડમારી જેવા મુદ્દાઓ ઉજાગર કરવા માટે હવે કોંગ્રેસ મોટાપાયે મેદાનમાં આવી રહી છે અને લોકપ્રશ્નોને વાચા આપવા માટે રસ્તા પર આવવાનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે. રાજકોટની ભૂમિ પરથી કોંગ્રેસ દ્વારા આંદોલનનું રણશિંગુ ફૂંકવામાં આવનાર છે તેમ પ્રદેશ કોંગ્રેસનાં સુમાહિતગાર વર્તુળો તરફથી જાણવા મળ્યું છે. પ્રદેશથી માંડીને જિલ્લા તથા તાલુકા સુધીનાં કોંગ્રેસનાં નેતાઓની મોટી ફોજ જન આંદોલન માટે ઉતરી પડવાની છે.

દેશની સાથે- સાથે ગુજરાતમાં લોકોનાં રોજીંદા જીવનને લગતી તમામ પ્રકારની ખાદ્ય ચીજ-વસ્તુઓ તેમજ ઈંધણનાં ભાવમાં રીતસર આગ ફાટી નીકળી છે. પરિણામે લાખો પરિવારોનાં રસોડાનાં બજેટની ઐસીતૈસી થઇ જવા પામી છે. આમ આદમી મોંઘવારી અને અપૂરતી આવકનાં ભયાનક વિષચક્રમાં ફસાઈ ગયો છે. આમ જનતાની વેદનાને વાચા આપવા માટે કોંગ્રેસ રાજકોટની ઐતિહાસિક ભૂમિ પરથી આંદોલનનો નગારે ઘા કરી રહી છે.

એપ્રિલનાં પહેલા અઠવાડિયામાં પ્રદેશ કક્ષાનો મોટો અને જોરદાર કાર્યક્રમ રાજકોટમાં યોજવામાં આવનાર છે તેમ જાણવા મળ્યું છે. જેની અત્યારથી જોરદાર તૈયારીઓ શહેરથી પ્રદેશ કક્ષા સુધી શરૂ કરી દેવામાં આવી છે. રાજકોટમાં યોજાનારા જન અભિયાન કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોર, ગુજરાત ખાતેનાં પક્ષનાં પ્રભારી ડો.રઘુ શર્મા જેવા ટોચનાં નેતાઓથી માંડીને સૌરાષ્ટ્રનાં ખૂણે- ખૂણેથી કોંગ્રેસનાં નેતાઓની મોટી ફોજ રાજકોટનાં આંગણે

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.